સુવિચાર

જે વ્યક્તિ સમાજ કે દેશ માટે પોતાનું યોગદાન આપે છે તે આ દુનિયામાં સૌથી સફળ વ્યક્તિ છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૧/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
હરિૐ PENDAWALA
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ સુદ-૩ વર્ષ : ૧૬ અંક : ૦૧૮



પથરી - પ્રોસ્ટેટ કીડનીની તકલીફ ?
નિ:શુલ્ક માર્ગદર્શન
તારીખ : ૦૨-૦૧-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
નોંધ: નામ નોંધાવવુ ફરજીયાત છે.
Prostate Cancer
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦


## વિપક્ષનાં નેતાઓ ઉપરાંત પાટીદાર સમાજનાં આગેવાનો રોષે ભરાયા

# અમરેલીનાં લેટરકાંડમાં મહિલા આરોપીની અટકાયતથી રોષ

**લેટરકાંડમાં પાટીદાર સમાજની દીકરીને સાક્ષી બનાવવાને બદલે આરોપી બનાવી દીધાનો આક્ષેપ**

**રાત્રિનાં ૧૨ કલાકે મહિલા આરોપીની ધરપકડ કરી હોવાની ઘટનાની તપાસની પણ માંગ કરાઈ**

**મહિલાનો ચહેરો જાહેર કરવામાં આવ્યો તે બાબતને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી**

**પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, પાટીદાર સમાજનાં અગ્રણી લાલજીભાઈ પટેલ, અલ્પેશ કથીરીયા સહિત સૌ મેદાનમાં આવ્યા**

અમરેલી, તા. ૧

અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાને બદનામ કરતા પત્રને લઈને સ્થાનિક પોલીસે એક મહિલા સહિત ૪ આરોપીઓની અટકાયત કરી જેમાં એક નિર્દોષ મહિલાને સાક્ષીને બદલે આરોપી બનાવીને તેણીની રાત્રિનાં સમયે અટકાયત કરાયાનો આક્ષેપ અને મહિલાને રી-કન્સ્ટ્રકશનનાં નામે જાહેર માર્ગ પર ફેરવવામાં આવ્યાની ઘટનાને લઈને વિપક્ષી નેતા પ્રતાપ દુધાત, ગોપાલ અંટાળીયા, પાટીદાર સમાજનાં અગ્રણી લાલજીભાઈ પટેલ, અલ્પેશ કથીરીયા સહિતનાં આગેવાનો મેદાનમાં આવ્યા છે.

આ અંગે સરદાર પટેલ સેવાદળનાં અધ્યક્ષ લાલજીભાઈ પટેલે મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં સ્થાનિક લેવલે રાજકીય બાબતે અંદરો અંદર ડખાના કારણે ગૃપમાં લેટરકાંડ થયેલ છે જે પૈકી પાટીદાર સમાજની એક દીકરી ઓપરેટર તરીકે ફરજ બજાવતી હતી અને જેઓ પોતાના માલિકના કહેવા

અનુસંધાન પાના ૬ ઉપર

## લેટરકાંડમાં પાટીદાર સમાજની દીકરીને આરોપી બનાવાતા

# સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે ખોડલધામનાં ચેરમેન નરેશ પટેલને દરમિયાનગીરી કરવા પત્ર પાઠવ્યો

**સમાજનાં મોભીઓએ સાચો માર્ગ બતાવવા આગળ આવવુ જોઈએ**

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે ખોડલધામનાં ચેરમેન નરેશભાઈ પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે અમરેલી જિલ્લામાં એક ભાજપના અંદરો અંદર ગ્રુપમાં લેટરકાંડ થયેલ જે પૈકી પટેલ સમાજની દીકરી એક ઓપરેટર તરીકે કામ કરતી હતી અને

અનુસંધાન પાના ૬ ઉપર





## સુરત સ્થિત કોંગી અગ્રણી મધુભાઈ ચોવટિયાનું નિવેદન

# પાટીદાર સમાજની નહી કોઈપણ સમાજની દીકરીની અર્ધી રાતે અટકાયત કરવી એ યોગ્ય નથી

**ભાજપ સરકારની મહિલા પ્રત્યેની માનસિકતા પ્રદર્શિત થઈ**

બાબરા, તા. ૧

રાજયના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાને બદનામ કરતા એક પત્રમાં સમાજની દીકરીની પોલીસે અટકાયત કરી સરઘસ કાઢતા પટેલ સમાજના ભાજપના અને કોંગ્રેસના અગ્રણીઓ ખુલા મેદાને આવી ગયા છે અને સમાજની દીકરીનું સન્માન જાળવવા



રાજયસરકારને ઉગ્ર રોષ કરવામાં આવી રહ્યો છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી તથા ચલાલા નજીક આવેલ હુડલી ગામે આવેલ આંબાનાં બગીચામાં

# સગીર વયની પુત્રી સાથે સતત ૩ વર્ષ સુધી દુષ્કર્મ ગુજારનાર પાલક પિતાને આજીવન જેલની સજા

**અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલો સફળ**

અમરેલી, તા. ૧

અમરેલીમાં રહેતી એક સગીર વયની પુત્ર સાથે તેણીના જ પાલક પિતાએ સતત ૩ વર્ષ સુધી તેણીની ઈચ્છા વિરૂધ્ધ અમરેલી તથા ચલાલા નજીક આવેલ હુડલી ગામે આંબાના બગીચામાં અવારનવાર દુષ્કર્મ ગુજાર્યાની પોલીસમાં જે તે સમયે ભોગ બનનારની માતાએ ફરિયાદ નોંધાવેલ હતી. તે અંગેનો કેસ અમરેલીની એડી. સેશન્સ કોર્ટ તથા સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં આરોપી સાવકા પિતાને આજીવન જેલની સજા તથા રૂપિયા ૩૩ હજાર દંડની સજાનો હુકમ તથા ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

આ બનાવમાં અમરેલીમાં રહેતી એક ૧૪ વર્ષ ૬ માસની ઉંમર ધરાવતી સગીર વયની પુત્રીની માતા ઘર બહાર મજુરી કામે જતી હતી. ત્યારે તરૂણી સાથે તેણીના જ પાલક પિતા આરોપી હરસુખભાઈ બાબુભાઈ



એડવોકેટ મમતાબેન ત્રિવેદી

ચીખલીયાએ ગત તા. ૨૦/૮/૧૬ પહેલાનાં સતત ત્રણ વર્ષ સુધી તેણીની ઈચ્છા વિરૂધ્ધ અમરેલી તથા ચલાલા નજીક આવેલ હુડલી ગામે આંબાના બગીચામાં લઈ પોતાની જ સાવકી પુત્રીને માર મારી ધમકી આપી અવાર નવાર દુષ્કર્મ ગુજારેલ હતો.

આ બનાવની જાણ ભોગ બનનાર તરૂણીની માતાને થતાં તરૂણીની માતાએ આ બાબતે પોતાના પતિને ઠપકો આપતા તરૂણીની માતાને પણ આરોપીએ માર મારી અને કહેલ કે એકવાર દુષ્કર્મ કરવાની સજા પણ એજ છે અને દસવાર દુષ્કર્મ કરવાની સજા પણ એજ છે. તારે મને આ તારી દીકરી સાથે હું જેમ કહું તેમ કરવા દેવું પડશે તેવી ધમકી આપતા તરૂણીની માતા પોતાની પુત્રી સાથે છુપાઈને પોતાના પિયર પહોંચી ગઈ હતી અને બાદમાં જે તે

અનુસંધાન પાના ૬ ઉપર

## લેટરકાંડમાં સમાજની દીકરીને આરોપી બનાવાતા

# અમરેલી સહિત રાજયનાં પટેલ સમાજનાં આગેવાનોને આગળ આવવા હાંકલ

**યુવક કોંગ્રેસનાં પ્રમુખ સંદિપ ધાનાણીએ પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસનાં પ્રમુખ સંદિપ ધાનાણીએ લેઉવા પટેલ ટ્રસ્ટનાં અગ્રણી દિનેશભાઈ ભુવા, લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટનાં વસંતભાઈ ગજેરા, ખોડલધામ સમિતિનાં વસંતભાઈ મોવલીયા તેમજ અનારબેન પટેલ સહિતનાં સમાજનાં આગેવાનોને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં એક ભાજપનાં અંદરોઅંદર ગૃપમાં લેટરકાંડ થયેલ. જે પૈકી પટેલ સમાજની દીકરી એક ઓપરેટર તરીકે કામ કરતી હતી અને જેઓ પોતાના માલિકનાં કહેવા પ્રમાણે ટાઈપ કરતી હતી. જેઓ કોઈને બદનામ કરવાનો ઈરાદો ન હતો. પોતે પોતાના માલિકે કહ્યું તે પ્રમાણે ટાઈપ કરી આપ્યું હતું. અમરેલી ભાજપનાં આગેવાનો ધ્વારા આ અપરિણીત દીકરી છે તે જોયા વગર તેમના પર ગુન્હેગાર બનાવી અને પોલીસ રાત્રે ૧૦ કલાકે આ દીકરીને ઘરે વિઠ્ઠલપુર ગામેથી ધરપકડ કરીને અમરેલી શહેરનાં મુખ્ય રસ્તા પર સરઘસનાં ૧૫માં કાઢીને આ ભાજપના પટેલ સમાજના જ આગેવાનો પોતાનો

અનુસંધાન પાના ૬ ઉપર





હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
નર્સિંગ સ્ટાફ (લેડીઝ)
(નાઈટ માટે) પગાર ધોરણ :
૯,૫૦૦/- થી ૧૨,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



### આમ આદમી પાર્ટીનાં અગ્રણીનું સ્ફોટક નિવેદન

# પાટીદાર સમાજની દીકરીનું સરઘસ કાઢનાર તમામનું જાહેરમાં સરઘસ કાઢો : પ્રવિણ રામ

## સમગ્ર ગુજરાતની દીકરીઓનું અપમાન થયાનું જણાવ્યું

અમરેલી, તા. ૧

અમરેલીનાં બહુચર્ચિત લેટર કાંડનાં પાટીદાર સમાજની દીકરીની ખોટી રીતે અટકાયત કરીને તેણીનું જાહેરમાં સરઘસ કાઢયાની ઘટના અંગે આમ આદમી પાર્ટીનાં નેતા પ્રવિણરામે આકરી પ્રતિક્રિયા આપી છે.



તેઓએ જણાવેલ છે કે પાટીદાર સમાજની દીકરીએ નોકરોનાં સ્થળે તેમનાં નોકરીનાં સ્થળે તેમનાં નોકરીદાતાનાં કહેવાથી લેટર ટાઈપ કર્યો હોય તો તેમાં નિર્દોષ દીકરીને આરોપી બનાવીને તેમનું જાહેરમાં સરઘસ કાઢનાર ઘટનામાં જો કોઈ સંડોવાયેલ હોય તેમનું જાહેરમાં સરઘસ કાઢવું જોઈએ. કારણે આ ઘટના માત્ર પાટીદાર સમાજની દીકરીનું અપમાન નથી પરંતુ સમગ્ર રાજયની દિકરીનું અપમાન છે.

### યુવા આર્મી ટીમનાં પ્રમુખ મહેશ નારોલાનુ નિવેદન

# દામનગર : માફ કરજે દીકરી તારૂ થતું અપમાન અટકાવી ન શકયો

## બહુ મોટી ઘટના બની છતાં સમાજનાં આગેવાનોનું અકળ મૌન

અમરેલી, તા. ૧

અમરેલીબનાવટીલેટર કાંડ માં ફાટી ને ધુવાડે ગયેલ નેતા ઓ સામે સમસ્ત પટેલ સમાજ ના યુવાનો માં ભારે નારાજગીપ્રસરીઆટલાબધાસમાજના ધારાસભ્યો સાંસદો સમાજના ઠેકેદારો સમાજ ની દીકરી નું સરઘસ કેમ ન રોકી શક્યા? સમાજનીદીકરીનીફજેતીછતાં મેન કેમ ? ચોક્કસ થી અમરેલી ના નેતા ની છબી ખરડવાના જે પ્રયાસ થયા એ નિમ્ન કક્ષાનીવાત છે પણ એમાં વણવાકે કોઈ દીકરીનું જાહેરમાં સરઘસ કાઢવું એ શું ઉચ્ચકક્ષાનીવાતછે? સર્વોચ્ચઅદાલતે ની પી ટી આઈ ની ગાઈડ લાઈનનો પોલીસેઉલાળીયોકેમકર્યો? આટલીબધી ખુશામત સામે નારાજ યુવા આર્મી ટીમ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સુધી રજુઆત કરી છે.

અમરેલી ની લાચાર દીકરી ની માફી સાથે સમસ્ત પટેલ યુવા આર્મી ટીમે જણાવ્યું હતું કે માફ કરજે દીકરી આ સમાજ વતી હું તારી માફી માગું છું આ સમાજનો એક પણ આગેવાન તાઢ વણવાકે કઢાયેલું સરઘસ અટકાવી ના શક્યો માફ કરજે અમને કે અમે આ



સમાજ માટે ગમે એટલું સારૂ કરવાની ભાવના ધરાવતા હોય છતાં તને મદદ ના કરી શક્યા ઉપર બેઠેલા સરદાર દુઃખ સાથે કહેતા હશે કે શું આ મારો સમાજ? આજે કહેતા ઢવાડા ઉભા થાય છે કે આ નમાલો સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે માન મોભો સાચવવામાં મર્યાદા ભૂલી ગયેલો આ સમાજ પતન તરફ આગળ વધતો હોય એવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે ખૂબ જ દુઃખ સાથે કહેવું પડે છે આપણી દીકરી આપણું સ્વાભિમાનની વાતો કરતો આપણો સમાજ એક પગાર પર કામ કરતી દીકરીની રાતે ધરપકડ થાય અને જાહેરમાં સરઘસ કઢાય આ વાત પર કેમ કાંઈ બોલતો નથી માયકાંગલા નેતા ઓએ બંગડી પહેરી લેવી જોઈએ તેમ સમસ્ત યુવા આર્મી ટીમના પ્રમુખ મહેશ નારોલા એ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મહાભારતમાં દ્રૌપદીનું ચીર હરણ થયું ત્યારે વડીલો મેન રહ્યા પરિણામે બાણશૈયા ઉપર રહેવું પડયું તેમ અત્યારે આટલું બધું ખોટું થતું હોય છતાં આગેવાનો મેન રહે તે માયકાંગલા ની નિશાની છે આવનારી પેઢી ક્યારેય માફ નહિ કરે બહાદુર આગેવાનોને કાયદા નીતિ નિયમો વિરૂધ્ધ તંત્રનો સતધારી પક્ષ ના નેતા દ્વારા આવો દૂર ઉપયોગ કેમ? અનેક સવાલ કરતા મહેશ નારોલા એ જણાવ્યું હતું કે કોઈ મહિલા બાળક કાયદા ના સંઘર્ષમાં આવે તો તેનો ફોટો પ્રેસ આઉટ નહિ કરવા સ્પષ્ટ મનાઈ હોવા છતાં દરકાર કેમ ન લેવાય રાત્રી દરમ્યાન મહિલાની અટકાયત નહિ કરવા રિકન્ટ્રકશન નહિ કરવા સહિત ની બાબતો નું પાલન કેમ ન કરાયું જેવા અનેક સવાલ સાથે રાજયના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સુધી સમસ્ત પટેલ યુવા આર્મી એ રજુઆત કરી

# સાવરકુંડલાનાં રઘુવંશી અગ્રણી હસુભાઈ સૂચકનો ૬૧માં વર્ષમાં મંગલ પ્રવેશ

સાવરકુંડલા, તા. ૧

આમ તો જનતાનાં હિતોને સતત લક્ષમાં રાખીને લોકોનાં પ્રશ્નોને હરહંમેશ કાને ધરીને નિવારણ માટે સતત પ્રયત્નશીલ એવાં સાવરકુંડલા રઘુવંશી સમાજના અગ્રણી હસુભાઈ સૂચક આજે જીવનનાં ૬૦ વર્ષ પૂર્ણ કરીને ૬૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. ખૂબ જ નાની વયથી રાજકીય ક્ષેત્રે પદાર્પણ કરનારાં હસુભાઈ સ્વભાવે સરળ અને મિલનસાર અને સંપૂર્ણ નિખાલસ વ્યક્તિત્વ ધરાવતાં હોવાથી સાવરકુંડલામાં ખાસ્સી લોકપ્રિયતા ધરાવે છે. લોકોની સમસ્યા અને તેનાં નિરાકરણની ખૂબ જ ઊંડી સૂઝ ધરાવે છે. સ્વભાવે મિતભાષી હોય શહેરનાં તમામ ક્ષેત્રોમાં તેમની સારી એવી પક્કડ હોય તે પણ સ્વાભાવિક છે. આમ ગણીએ તો લોકકલ્યાણનાં કાર્યો કરવા માટેની તેમની પ્રતિબદ્ધતા પણ ખરેખર પ્રયાનાકર્ષક રહી છે. ખાસ કરીને સાવરકુંડલા શહેરનાં નાગરિકોનો મજબૂતાઈથી પ્રજાનો અવાજ તંત્ર સુધી પહોંચાડવા અહર્નિશ પ્રયત્નશીલ રહેતાં કે સાંપ્રત સરકારની અન્યાયી નીતિ વિરૂધ્ધ અવાજ ઉઠાવવાનો હોય દરેક ક્ષેત્રે હસુભાઈ હમેશાં અગ્રસર રહેતાં જોવા મળે છે.



સમાજનાં છેવાડાના માનવીથી લઈને સમાજના અગ્રગણ્ય લોકો સાથે ખૂબ જ નજીકનો સંબંધ ધરાવતાં હોવાથી લોકોનાં મોટાભાગના પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે અહર્નિશ ખડે પગે રહેતાં સાવરકુંડલા રઘુવંશી સમાજના આભૂષણ સમા હસુભાઈ સૂચકને આજે એમનાં જન્મદિવસ નિમિત્તે શહેરનાં વિવિધક્ષેત્રોના અગ્રણીઓ શુભકામના પાઠવી રહ્યા છે. તેમનું જીવન મંગલમય, દીર્ઘાયુ અને આરોગ્યપ્રદ રહે. ઈશ્વર તેમનાં જીવનને ખુશીઓથી મઘમઘતું રાખે અને તેમનાં હસ્તે લોક કલ્યાણનાં સેવા કાર્યો અહર્નિશ થતાં રહે તેવી શુભ ભાવના સહ તેમનાં જન્મદિવસે જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે

# રાજકોટ : યુવા એડવોકટ શુભમ દાવડાનો આજે જન્મદિવસ

રાજકોટ, તા. ૧

રાજકોટના યુવા એડવોકેટ શુભમ પરેશભાઈ દાવડાનો આજે ૨ જાન્યુઆરીના રોજ જન્મદિવસ છે. દિવ્ય કેસરી સમાચાર પત્રના તંત્રી પરેશભાઈ દાવડાના પુત્ર શુભમ દાવડા વકિલાત ક્ષેત્રમાં આગવી ઓળખ ધરાવે છે. શુભમભાઈ દાવડા અનેકવિધ સામાજીક કાર્યો જેવા કે જેલના કેદીઓના ઉત્કર્ષ, ટ્રાયબેલ એરીયામાં જઈને લીગલ અવેરનેસ તથા શિક્ષણના કામો કરી રહ્યા છે. શુભમભાઈ દાવડા હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એલએલ. એમ. અનુસ્નાતક વર્ગનો અભ્યાસ કરી રહ્યા છે.

શુભમભાઈ દાવડા નાનપણથી ભારતીય જનતા પાર્ટીમાં સંગઠન કામો કરી રહ્યા છે. તેઓની રેવેન્યુ તથા સીવીલ ક્ષેત્રની વકીલાત સાથે સાથે સેવાકીય પ્રવૃતિઓ ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી તથા રાજકોટ ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટીમાં, રાજકોટ મધ્યસ્થ જેલમાં વીગેરેમાં બે વર્ષથી



વધારે સમય પેરાલીગલ વોલેન્ટીર્એ તરીકેની તમામ ફરજોની સફળતા પુર્વકની કામગીરી કરેલ હતી.

શુભમભાઈ દાવડા મિલનસાર તથા હસમુખો, સરળ સ્વભાવનાન કારણે બહોળુ મિત્રમંડળ ધરાવે છે. તેના શુભેચ્છકો, મિત્ર મંડળ રાજકીય આગેવાનો તેમના મોબાઈલ નંબર ૯૬૬૨૦ ૬૨૫૦૯ પર અભિનંદન તથા આર્શિવાદ પુષ્પવર્ષા કરી રહ્યા છે.

### સાવરકુંડલા તાલુકા કોંગી પ્રમુખનાં શાબ્દિક પ્રહારો

# નિર્દોષ જનતાને હથેળીમાં ચાંદ બતાવવાનું બંધ કરીને કાયદો અને વ્યવસ્થા મજબુત કરો

## જનતાને સુવિધા નહી ને જનપ્રતિનિધિઓ માટે સુવિધાની ભરમાર

સાવરકુંડલા, તા. ૧

છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાત રાજયમાં સત્તા પર ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલી રહ્યું છે અને આ ડબલ એન્જીન, વિકાસ, ગતિશીલ ગુજરાતના મોડલ અને ધર્મનાં નામે સતત જનતાને આંખ આડા પાટા બાંધીને સત્તા ભોગવી રહી છે. આમ જનતાનાં પ્રાણ પ્રશ્ને આંખ આડા કાન કરનારી આ ભાજપની સરકારનાં સત્તાધીશો અને જિલ્લા પોલીસ તંત્રની કુંભનિંદ્રામાંથી જગાડવા માટે લોકો સમક્ષ પોતાની હૈયાવરાળ તાલુકા કોંગ્રેસ સમિતિ સાવરકુંડલાનાં પ્રમુખે ઠાલવી છે.

અમરેલી જિલ્લાનાં ૧૫ મી વિધાનસભામાં પાંચેય ધારાસભ્ય તરીકે લોકોએ ચૂંટીને મોલાવેલ છે. ત્યારે જનતાના વિશ્વાસને તોડીને પોતાની સત્તામાં મદમસ્ત બનીને તેમની પાર્ટીનાં સભ્યોનાં કામો કરવામાં રસ લે છે પરંતુ જે જનતા થકી ચૂંટાઈ આવેલ છે તે જનતાને મૂળા, ડુંગળીની સમાન સમજી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં બેફામ દારૂ, ખનિજ ચોરી થઈ રહી છે અને સમગ્ર અમરેલી જિલ્લાનાં નાગરીકો ધ્વારા સત્તાધીશો, પોલીસતંત્રને રજૂઆત કરવામાં આવેલ છે. ત્યારે જીરા ગામના સરપંચે લેખિત રજૂઆત તેમજ રેતી ચોરીનાં ડમ્પર તેમજ ટ્રેકટર, ટેલરનાં ફોટોગ્રાફ અને તેમના સીસીટીવી ફૂટેઝ મોકલી આપેલ તેમાં સત્તાધીશો અને તંત્ર ધ્વારા આંખ આડા કાન કરી રહ્યા છે. પરંતુ તેમના સદસ્યો કે તેમના સત્તાધીશો જો મુશ્કેલીમાં આવે અથવા કોઈ બિનકૃત્ય કરે તો તેમને બચાવવામાં એડીચોટીનું જોર લગાવીને મહેનત કરે છે. જયારે ભારતીય જનતા પાર્ટીનાં સત્તાધીશો કે તેમના મોટા નેતા અમરેલી જિલ્લામાં આવતા રાતોરાત રોડ રસ્તા રીપેરીંગ, સાય સફાઈ થઈ જાય પરંતુ આમ જનતાની રજૂઆત હોય ત્યારે આ સત્તાધીશો કે તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં હોય છે. લોકોની મુશ્કેલીઓની કોઈ પરવાહ નથી.

અમરેલીનાં ધારાસભ્ય અને ઉપોદંડક ધ્વારા જોરાતોરાત તેમના લેટરપેડનાં ઉપયોગ કરનારને પકડી પાડવામાં આવતા હોય ત્યારે અમરેલી જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં દારૂ, ખનિજ ચોરી જેવા બનાવોમાં કેમ ચુપ છે? તેવા વેધક સવાલો પણ ઉઠી રહ્યા છે. ત્યારે આ તમામ હકીકતમાં સત્તાના જોરે આ સરકાર માત્ર આ ડબલ એન્જીન, વિકાસ, ગતિશીલ ગુજરાતના મોડલ અને ધર્મનાં નામનો ખોટો પ્રચાર, પ્રસાર કરીને ભોળી જનતાને ગુમરાહ કરી રહી છે. ત્યારે આ તમામ બાબતે ભારતીય જનતા પાર્ટીના સત્તાધીશો અને જિલ્લા પોલીસ તંત્ર સામે તાલુકા કોંગ્રેસ સમિતિ સાવરકુંડલાનાં પ્રમુખ નરેશભાઈ દેવાણીએ રોષ વ્યકત કર્યો છે.


### ધારાસભ્ય કસવાલાની જહેમત રંગ લાવી

# આનંદો : લીલીયા પંથકનાં અનેક માર્ગો માટે મસમોટી રકમ મંજૂર

## હાથીગઢ, સાંજણટીંબા, ખારા, હરિપરનાં માર્ગ બનશે

લીલીયા, તા. ૧

લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી તેમજ રોડના રસ્તાના પ્રશ્ને વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સતત પ્રયત્નશીલ હોય. ત્યારે છેલ્લા ઘણા સમયથી આ રોડ બિસ્માર હાલતમાં હોય અને આ તમામ રોડ લીલીયા શહેરને જોડતા રોડ હોય ત્યારે આ બાબતે ધારાસભ્ય કસવાલા દ્વારા લોકોની હાલાકીને ધ્યાને લઈ આ ત્રણે બિસ્માર માર્ગોને નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવેલ હોય જેને લઈ લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. રોડ કામ બાબતે લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ દ્વારા જણાવવામાં આવેલ કે



હાથીગઢ, સાંજણટીંબા રોડના વર્ક ઓર્ડર અપાયેલ છે અને એ કામ ટુંક સમયમાં શરૂ થવા જઈ રહ્યું છે. તેવી જ રીતે હાથીગઢ–ખારા રોડ પણ મંજૂર થઈ ગયેલ છે જે રોડના કામ માટે એજન્સી પણ મંજુર થઈ ગયેલ હોય આ રોડનું કામ પણ ટૂંકા દિવસોમાં શરૂ કરવામાં આવશે. તેવી જ રીતે હાથીગઢ–હરીપર રોડ પણ મંજુર થયેલ છે આ રોડની ઓનલાઈન ટેન્ડરિંગ પ્રક્રિયા હાલ શરૂ હોવાથી ટૂંક સમયમાં આ રોડનું કામ પણ શરૂ કરવામાં આવશે. આ તમામ રોડનું કામ અંદાજે ત્રણ કરોડ પંચોતેર લાખનું થવા જઈ રહ્યું છે જે અંગેની માહિતી લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ તેમજ હાથીગઢ ગામના સરપંચ પાયલબેન, નિલેશભાઈ ધોરાજીયા દ્વારા આપવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલા : કબીર ટેકરીનાં મહંત પુજય નારાયણદાસ સાહેબનાં ૪૫ માં જન્મદિવસની ઉજવણી











ગદ્ય સાહિત્ય સભા અમરેલી દ્વારા કબીર ટેકરીના પૂ. નારાયણદાસના જન્મોત્સવની ઉજવણી સાથે સુધીરભાઈ મહેતા લીખીત ઉજળી પ્રતિમા પુસ્તકનું લોકાર્પણ થયું. આ કાર્યક્રમમાં અનેક ગણમાન્ય લેખકો, સાહિત્યકારો તથા કવિઓ મોટી જેવા કે વાસુદેવભાઈ સોઢા, ગોરધનભાઈ ભેંસાણીયા, રવજીભાઈ કાચા, નાનાલાલભાઈ ત્રિવેદી, ઉદયભાઈ દેસાઈ, મંગળુભાઈ ખુમાણ સમેત કવિઓ લેખકો ઉપસ્થિત રહ્યા હતા. નિયત થયેલ કાર્યક્રમ મુજબ તા.૧–૧–૨૦૨૫ એટલે કે ઈસુનાં નવા વર્ષનાં શુભારંભે બુધવારે બપોરે બે કલાકે કબીર ટેકરી આશ્રમ સાવરકુંડલા ખાતે આ ભવ્ય કાર્યક્રમ યોજાયો જેમાં દિપ પ્રાગટય, સરસ્વતી વંદના, પુષ્પગુચ્છથી સ્વાગત બાદ લેખક પરિચય ડા. ગીતાબેન ગીડા દ્વારા આપવામાં આવેલ . પુસ્તક પરિચય રવજીબાઈ કાચાએ આપેલ. બાદમાં કાર્યક્રમનાં અધ્યક્ષ અને મહાનુભાવો દ્વારા પુસ્તક વિમોચન અને ઉજળી પ્રતિભાઓનાં સન્માનપત્રનું વાંચન બાદ સન્માન કરાશે. પ. પૂ. નારાયણ સાહેબ આશિર્વચન પાઠવ્યા તેમજ સરસ્વતીબેન ત્રિવેદી પ્રતિભાવ આપતાં કાર્યક્રમ ખૂબ જ રસપ્રદ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉદયભાઈ દેસાઈ અને ઉમેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ પ. પૂ. નારાયણનું તેમના જન્મદિવસ નિમિત્તે સાકરતુલા તથા ઉન્નવસ્ત્રથી નાનાભાઈ ત્રિવેદી દ્વારા ભાવ શ્રધ્ધા અને હેતથી સન્માન કરવામાં આવેલ આ પ્રસંગે પ. પૂ. શુકદેવપ્રસાદદાસ સ્વામી, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા પૂ. ઋતેશ્વરી દેવી – જામનગર, પૂ. કરશનદાસબાપુ – કુંડલપુર હનુમાન મંદિર, સાહિત્યકાર વાસુદેવ સોઢા, પૂ. રામદાસબાપુ – ધનાભગતની જગ્યા સા. કુ. સમેત અનેક પૂજનીય ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે આકાશવાણીનાં ડો. ગીતાબેન ગીડા, અમદાવાદથી જીગરભાઈ ગળચર, સી.કે.ટાંક, મંજુલાબેન તથા મહુવાનાં પિયુષભાઈ લુહાર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન મનીષભાઈ વિંઝુડા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ પૂર્ણ થયે ભોજનપ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કબીર ટેકરી આશ્રમના સેવકગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### નવા વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રહેશે

# બનાસકાંઠાનું વિભાજન કરી વાવ-થરાદની નવા જિલ્લા તરીકે સત્તાવાર જાહેરાત

## કુલ ૮ તાલુકાઓ તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે

બનાસકાંઠા,તા.૧

નવા વર્ષની શરૂઆત સાથે ગુજરાતીઓ માટે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. હવેથી ગુજરાતમાં ૩૩ નહી પણ ૩૪ જિલ્લાઓ હશે. ગુજરાત રાજ્યને વધુ એક નવો જિલ્લો મળવા જઈ રહ્યો છે. કેબિનેટની બેઠકમાં ચર્ચા વિચારણા બાદ બનાસકાંઠા જિલ્લાના વિભાજન કરીને વાવ-થરાદને નવા જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. આ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રહેશે. હાલના બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકામાંથી ૮ તાલુકાઓ - ૪ નગરપાલિકાઓનો નવા બનનારા વાવ-થરાદ જિલ્લામાં સમાવેશ કરાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર ગુજરાતને ૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે નવા જિલ્લાની ભેટ રૂપે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના વિવિધ પદાધિકારીઓ અને પ્રજાજનોની વર્ષો જુની માંગણી સકારાત્મક પ્રતિસાદ સાથે સંતોષતા હાલના બનાસકાંઠા જિલ્લામાંથી નવો વાવ-થરાદ જિલ્લો બનાવવાની જાહેરાત કરી છે.

હાલનો બનાસકાંઠા જિલ્લો રાજયમાં તાલુકાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છે એટલું જ નહી વિસ્તારની દ્રષ્ટિએ પણ બીજા ક્રમનો જિલ્લો છે. મુખ્યમંત્રીએ વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લાઓ વાવ-થરાદ અને બનાસકાંઠા નામે બનશે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા રચાનારા વાવ-થરાદ જિલ્લા અંગેની વિગતો આપતા કહ્યું કે, હાલ આ જિલ્લાના ૧૪ તાલુકાઓમાંથી નવા બનનાર વાવ-થરાદ જિલ્લામાં વાવ, ભાભર, થરાદ, ધાનેરા, સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૮ તાલુકાઓ તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે. બનાસકાંઠા જિલ્લામાં બાકીના ૬ તાલુકાઓ પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા એમ કુલ ૬ તાલુકાઓ તેમજ પાલનપુર અને ડીસા એમ બે નગરપાલિકાઓનો સમાવેશ થશે.

આ બંને જિલ્લાઓમાં ગામડાઓનું વિભાજન મહદઅંશે સમાન રીતે દરેક જિલ્લામાં ૬૦૦ આસપાસ રહે તેમ તથા વિસ્તાર વાવ-થરાદ જિલ્લામાં ૬૨૫૭ ચો. કિ.મી અને બાનસકાંઠા જિલ્લામાં ૪૪૮૬ ચો. કિ.મી રહે તે પ્રમાણે વિભાજન કરવામાં આવશે તેવા દિશાનિર્દેશ આપ્યા છે.

પહેલાં વાવ-થરાદ જિલ્લા બાજુના આઠ તાલુકાઓને મુખ્ય મથક પાલનપુર જવા માટે જે અંતર લાગતું હતું તેમાં સરેરાશ ૩૫ થી ૮૫ જેટલા કિ.મી. અંતરમાં ઘટાડો થશે તથા સમય અને ઈંધણની બચત થશે.

વસતી અને વિસ્તારના આધારે વિભાજનની પ્રક્રિયાના કામ, સિમાંકન, સહિતની પ્રક્રિયા જ્યાં સુધી પૂર્ણ નહી થાય ત્યાં સુધી હાલમાં આ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાશે નહી. આ તમામ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવામાં ૯ મહિના જેટલો સમય લાગશે.

બનાસકાંઠામાં થરાદ નવો જિલ્લો બનાવવા છેલ્લા ઘણાં વર્ષોથી ગુજરાત સરકારને રજૂઆતો કરાતી હતી. આ રજૂઆતોને પગલે મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટર મારફતે થરાદ નાયબ કલેક્ટરનો અભિપ્રાય માંગ્યો હતો. થરાદ નાયબ કલેક્ટરે ભૌગોલિક અને સામાજિક દ્રષ્ટિએ થરાદ જિલ્લો બનવાને લાયક હોવાનો રિપોર્ટ ગુજરાત સરકારને મોકલ્યો હતો.

ગુજરાત સરકારના સૂત્રોના જણાવ્યાનુસાર, વર્ષ ૧૯૪૮થી કાર્યરત થરાદ પ્રાંતમાં થરાદ, વાવ, ભાભર, દિયોદર અને કાંકરેજ તાલુકાનો સમાવેશ થતો હતો. બનાસકાંઠાના ૧૪ તાલુકાની સરખામણીએ થરાદ, વાવ, સુઈગામ, ભાભર, દિયોદર અને લાખણી તાલુકા ધરાવતો થરાદ જિલ્લો બની જાય, તો વહીવટી કામોમાં સરળતા તેમજ વિકાસની કામગીરીને પણ વેગ મળી શકે એમ છે.

થરાદના એક અગ્રણીએ જણાવ્યું હતું કે, થરાદ જિલ્લો એ આસપાસના પાંચ તાલુકાનું કેન્દ્ર છે. થરાદ જિલ્લો બનવાથી પાંચ તાલુકાના લોકોને વહીવટી કામગીરી સરળતાથી ઉપલબ્ધ થશે. થરાદ સહિતના પાંચ તાલુકાનો વિકાસ પણ થશે, સુવિધાઓ વધશે અને રોજગારીની તકો પણ સર્જાશે. એટલે આ નિર્ણય બિલકુલ યોગ્ય છે.

જણાવી દઈએ કે, રાજ્ય સરકાર દ્વારા નવ મહાનગરપાલિકાની સાથે એક નવા જિલ્લાની પણ જાહેરાત કરી છે. રાજ્ય સરકારની કેબિનેટ બેઠકમાં બનાસકાંઠાના વિભાજનની સાથે જ વાવ-થરાદને નવો જિલ્લો જાહેર કરાયો છે.આ નવા જિલ્લાનું વડું મથક થરાદ રહેશે. ત્યારે હવે ગુજરાતમાં ૩૩ નહીં કુલ ૩૪ જિલ્લા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયની ૭ મહાનગરપાલિકાઓ, ૩ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને 'ક' તથા 'ડ' વર્ગની નાની નગરપાલિકાઓ સહિત ૧૭ નગરપાલિકાઓમાં શહેરીજન જીવન સુવિધા વધારવાના કામો માટે કુલ રૂ. ૧૦૦૦.૮૬ કરોડ ફાળવવાની એક જ દિવસમાં મંજૂરી આપી છે

### બીજેપીનો અરવિંદ કેજરીવાલ પર વળતો પ્રહાર

# કેજરીવાલ જે કહે છે તે ક્યારેય કરતા નથી' ભાજપ પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીનો પ્રહાર

## બીજેપી નેતા શાઝિયા ઈલ્મીએ આરોપ લગાવ્યો કે, કેજરીવાલ કાચીંડાની જેમ રંગ બદલે છે

નવી દિલ્હી,તા.૧

ભારતીય જનતા પાર્ટીએ અરવિંદ કેજરીવાલ પર વળતો પ્રહાર કર્યો છે. ભાજપ પ્રવકતા સુધાંશુ ત્રિવેદીએ આજે બુધવારે પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. જેમાં સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, "આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ જે કહે છે તે ક્યારેય કરતા નથી. આજે સૌથી મોટો પડકાર વિશ્વસનિયતાનું સંકટ છે. સામાન્ય લોકોમાં એવી લાગણી છે કે કેજરીવાલ જે કહે છે તે પૂરું કરતા નથી." બીજેપી નેતા શાઝિયા ઈલ્મીએ આરોપ લગાવ્યો કે, કેજરીવાલ કાચીંડાની જેમ રંગ બદલે છે.ભાજપ પ્રવક્તાએ કહ્યું કે, દેશે ૨૦૨૪માં એક વિચિત્ર બંધારણીય ઉદાહરણ પણ જોયું. જ્યારે એક મુખ્યમંત્રી જેલમાં રહીને સરકાર ચલાવે છે. કેજરીવાલ પહેલા પણ ઘણા સીએમ જેલમાં ગયા હતા પરંતુ ઓછામાં ઓછા લાલુ પ્રસાદ યાદવે એટલી ગરિમા જાળવી હતી કે તેમણે પદ છોડી દીધું. ૨૦૨૪માં આવું આશ્ચર્યજનક અને વિચિત્ર ઉદાહરણ જોવા મળ્યું કે, જેલમાં ગયા પછી પણ કેજરીવાલે સીએમ પદ છોડ્યું નહીં.

સુધાંશુ ત્રિવેદીએ વધુમાં કહ્યું કે, "કેજરીવાલની વિચિત્રતા એટલી આશ્ચર્યજનક છે કે કોઈના માટે સમજવું મુશ્કેલ છે. અમે યાદ અપાવવા માંગીએ છીએ કે આમ આદમી પાર્ટી નવી રાજનીતિનો વિચાર લઈને આવી છે.

આજે સૌથી મોટો પડકાર વિશ્વસનીયતાનું સંકટ છે. સામાન્ય લોકોમાં એવી લાગણી છે કે કેજરીવાલ જે કહે છે તે પૂરું કરતા નથી. તેમણે કહ્યું હતું કે, તેઓ (કેજરીવાલ) લટકતા તારની સમસ્યામાંથી મુક્ત કરી દેશે, પરંતુ ૧૦ વર્ષથી વધુ સમય સુધી રહેવા છતાં તેઓ આ લટકતા વાયરની સમસ્યાને હલ કરી શક્યા નહીં. જેના સંપર્કમાં આવ્યા બાદ લોકો મૃત્યુ પામ્યા છે.

### મોડી રાતથી જ લોકોએ એકબીજાને શુભેચ્છાઓ આપવાનું શરૂ કરી દીધું

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ અને PM મોદીએ નવા વર્ષની શુભેચ્છા પાઠવી

## ૨૦૨૫ માટે ઘણી શુભેચ્છાઓ. આ વર્ષ દરેક માટે નવી તકો, સફળતા અને અનંત ખુશીઓ લઈને આવે. બધાને સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિના આશીર્વાદ મળે.

નવી દિલ્હી,તા.૧

નવું વર્ષ ૨૦૨૫ શરૂ થતાં જ આખો દેશ ઉજવણીમાં ડૂબી ગયો છે. દેશના ખૂણે ખૂણે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. મોડી રાતથી જ લોકોએ એકબીજાને શુભકામનાઓ આપવાનું શરૂ કરી દીધું છે. આ સાથે જ દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. તેમણે લખ્યું છે કે, 'દરેકને નવા વર્ષની શુભકામનાઓ! વર્ષ ૨૦૨૫ બધા માટે સુખ, સંવાદિતા અને સમૃદ્ધિ લઈને આવે! આ અવસર પર, ચાલો આપણે ભારત અને વિશ્વ માટે ઉજ્જ્વળ, વધુ સમાવેશી અને ટકાઉ ભવિષ્યના નિર્માણ માટે સાથે મળીને કામ કરવાની આપણી પ્રતિબદ્ધતાનો એક નવો સંકલ્પ લઈએ.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી અને નવું વર્ષ દરેકના જીવનમાં સુખ-સમૃદ્ધિ લઈને આવે તેવી શુભકામના આપી હતી. વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **'X'** પર એક પોસ્ટમાં કહ્યું કે, "૨૦૨૫ માટે ઘણી શુભેચ્છાઓ. આ વર્ષ દરેક માટે નવી તકો, સફળતા અને અનંત ખુશીઓ લઈને આવે. બધાને સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિના આશીર્વાદ મળે."ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છા – આપણા ગણતંત્રની યાત્રામાં આ એક મહત્ત્વપૂર્ણ વળાંક છે. નવું વર્ષ આપણા બંધારણની સદીના છેલ્લા ક્વાર્ટરમાં પ્રવેશનું પ્રતીક છે. ૨૦૪૭માં વિકસિત ભારત તરફ આગળ વધવું, આપણા બંધારણ નિર્માતાઓના સ્વપ્નને સાકાર કરવા માટે પોતાને ફરીથી સમર્પિત કરવાનો સમય છે.ચાલો આપણે રાષ્ટ્રને સર્વોપરી રાખવાના સંકલ્પ સાથે લોકતાંત્રિક મૂલ્યોનું સંવર્ધન કરીને સંકલ્પ સાથે આગળ વધીએ. આપ સૌને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ, હું આશા રાખું છું કે આ વર્ષ આપના જીવનમાં નવો ઉત્સાહ, નવો ઉમંગ અને ખુશીઓ લઈને આવે.

રાહુલ ગાંધીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે. તેમણે ઠ પર લખ્યું કે, "તમને બધાને નવા વર્ષની શુભકામનાઓ, હું આશા રાખું છું કે આ વર્ષ તમારા જીવનમાં નવો ઉત્સાહ, નવો આનંદ અને ખુશીઓ લઈને આવે."

### H1B વિઝા અંગે કેન્દ્ર સરકાર ચિંતિત

# આઇટી મંત્રાલય અમેરિકન કંપનીઓ પાસે માગ્યો ફીડબેક

## સરકાર આઇટી અને મેનેજમેન્ટ પ્રોફેશનલ્સની પ્રોફાઇલિંગ પર ચાંપતી નજર રાખી રહી છે

નવી દિલ્હી,તા.૧

છેલ્લા કેટલાક દિવસોથી અમેરિકામાં **H-1B** વિઝાને લઈને ચર્ચા ચાલી રહી છે. હવે કેન્દ્ર સરકાર પણ ભારતીય **H-1B** વિઝા ધારકોના વિરોધને લઈને સતર્ક થઈ ગઈ છે. સરકાર યુએસમાં ભારતીય **H-1B** વિઝા ધારકો સામે વિદેશ મંત્રાલય, **IT** મંત્રાલય અને વાણિજ્ય વિભાગ દ્વારા યુએસમાં કાયદેસર રીતે કામ કરી રહેલા ભારતીય વ્યાવસાયિકોની સ્થિતિ પર નજર રાખી રહી છે.સરકાર આઈટી અને મેનેજમેન્ટ પ્રોફેશનલ્સની પ્રોફાઈલિંગ પર ચાંપતી નજર રાખી રહી છે. આઈટી મંત્રાલય ઉપરાંત, વિદેશ મંત્રાલય અને વાણિજ્ય વિભાગ દ્વારા પણ વિકાસની નજીકથી દેખરેખ રાખવામાં આવી રહી છે.

એક સરકારી સૂત્રના જણાવ્યા અનુસાર, સરકાર ચિંતિત છે કે આવી સ્થિતિ ઊભી ન થાય જ્યાં અમારા ભારતીય વ્યાવસાયિકોને અમેરિકામાં રહેવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે. આઈટી મંત્રાલય સ્થિતિને સમજવા માટે મોટી સોફ્ટવેર કંપનીઓ પાસેથી ફીડબેક પણ લઈ રહ્યું છે.

આઈટી મંત્રાલયે અમેરિકન કંપનીઓને પૂછ્યું છે કે જમીન પર આ વિઝાને લઈને શું સ્થિતિ છે.

**IT** મંત્રાલય જમીની સ્તરે પરિસ્થિતિને સમજવા માટે મોટી સોફ્ટવેર કંપનીઓ તેમજ **NASSCOM** જેવા ઉદ્યોગ પાસેથી ફીડબેક લઈ રહ્યું છે. "અમે ખાતરી કરવા માંગીએ છીએ કે તે સંદર્ભમાં અમારી સ્પર્ધાત્મક સ્થિતિને અસર ન થાય," સૂત્રએ જણાવ્યું હતું. નિશ્ચિતપણે અન્ય પરિબળો કાયદાકીય માળખાના માર્ગમાં ન આવવા જોઈએ, અમે નથી ઈચ્છતા કે ભારત અને અમેરિકા વચ્ચેના કાયદાકીય માળખામાં કોઈ બાહ્ય કારણ સમસ્યા ઊભી કરે. અમેરિકાથી પણ આવું ન થવું જોઈએ.ડોનાલ્ડ ટ્રમ્પના વ્હાઈટ હાઉસમાં પાછા ફર્યા પછી યુએસ વિઝા નીતિઓ, ખાસ કરીને આઈટી અને ટેકનોલોજી, મેનેજમેન્ટ અને અન્ય લાયક પ્રોફેશનલ્સ માટે કેવી રીતે વિકસિત થાય છે તેના પર પણ સરકાર નજર રાખી રહી છે.

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિઝાના વિરોધમાં છે. તેમના સમર્થક ઉદ્યોગપતિ એલોન મસ્કે ઉ઼-૧મ વિઝાને લઈને મોટી જાહેરાત કરી છે. કસ્તુરીએ કહ્યું

**H1B** વિઝા સમાપ્ત થવા જેવું છે. કુશળ વિદેશી કામદારોને યુએસ લાવવા માટે વપરાતી સિસ્ટમ તૂટી ગઈ છે

આમાં મોટા સુધારાની જરૂર છે. ટ્રમ્પે અનેકવાર વિઝાના સમર્થનમાં નિવેદનો પણ આપ્યા છે.

**H-1B** વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. તે ઉચ્ચ શિક્ષિત વિદેશી વ્યાવસાયિકોને 'વિશિષ્ટ વ્યવસાયો'માં કામ કરવાની મંજૂરી આપે છે. આ વ્યવસાયોને ઓછામાં ઓછી સ્નાતકની ડિગ્રીની જરૂર છે. આ વિઝા માટે સૌથી વધુ અરજીઓ ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, ગણિત અને મેડિકલ સાયન્સ જેવા ક્ષેત્રોમાં આવે છે.

### ૨૩૨ કિલોગ્રામ હેરોઈન પકડવાનો કેસ

# મુંબઈની વિશેષ અદાલતે આઠ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની સજા ફટકારી

## વર્ષ ૨૦૧૫માં ભારતીય કોસ્ટ ગાર્ડ ટીમે ગુજરાતના દરિયા કાંઠેથી ૨૩૨ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું, જેની કિંમત આશરે ૬.૯૬ કરોડ રૂપિયા હતી

મુંબઈ,તા.૧

વર્ષ ૨૦૧૫માં ગુજરાતના દરિયાકાંઠેથી લગભગ સાત કરોડ રૂપિયાનું ૨૩૨ કિલોગ્રામ હેરોઈ જપ્ત કરવામાં આવ્યું હતું, હવે આ કેસમાં મુંબઈની વિશેષ અદાલતે ઝડપાયેલા આઠ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની સજા ફટકારી છે. આ ઉપરાંત કોર્ટે તમામ દોષિતોને ૨-૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.કેસની સુનાવણી દરમિયાન **NDPS** એક્ટ કેસના વિશેષ ન્યાયાધીશ શશિકાંત બાંગરે માદક પદાર્થો મામલે આ આઠેય પાકિસ્તાનીઓને દોષિત જાહેર કર્યા છે અને તેઓને વધુમાં વધુ ૨૦ વર્ષની સજા સંભળાવી છે. આ સાથે કોર્ટે પ્રત્યેક દોષિતને બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫માં ભારતીય કોસ્ટ ગાર્ડ ટીમે ગુજરાતના દરિયા કાંઠેથી ૨૩૨ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું, જેની કિંમત આશરે ૬.૯૬ કરોડ રૂપિયા હતી. આઠેય પાકિસ્તાની નાગરિકો આ હેરોઈનનો જથ્થો એક બોટમાં લાવી રહ્યા હતા. બોટમાં ૧૧ ડ્રમ હતા, જેમાં ઘઉંના રંગના પાવડરવાળા ૨૦ પ્લાસ્ટિકના પાઉચમાં હતા, જેની તપાસ કરવામાં આવતા તે હેરોઈન હોવાનો ખુલાસો થયો હતો.

મળતી માહિતી મુજબ, આઠેય આરોપીઓ પાસે ત્રણ સેટેલાઈટ ફોન, જીપીએસ નેવિગેશન ચાર્ટ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને દક્ષિમ મુંબઈના યેલો ગેટ પોલીસને સોંપી દેવાયા હતા. વિશેષ સરકારી વકીલ સુમેશ પુંજવાનીએ માદક પદાર્થોની તસ્કરી કરનારાઓને કડક સંદેશ મળે તે હેતુથી, આરોપીઓને વધુમાં વધુ સજા ફટકારવાની માંગ કરી હતી. બીજીતરફ બચાવ પક્ષના વકીલ નરમ સજાએ નરમ વલણ અપનાવ્યું હતું. કોર્ટે બંને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ કડક કાર્યવાહી કરી આઠેય આરોપીને વધુમાં વધુ સજા સંભળાવી છે.

### બુમરાહ હવે ICC ટેસ્ટ બોલિંગ રેક્ંિગમાં ટોચના સ્થાન પર પહોંચી ગયો

# નવા વર્ષના પહેલા દિવસે જ બુમરાહે ઈતિહાસ રચ્યો

## બુમરાહ આટલા રેટિંગ પોઈન્ટ મેળવનાર પહેલો ભારતીય બોલર બની ગયો છે અશ્વિનને પાછળ છોડી બુમરાહ આગળ નીકળ્યો

નવીદિલ્હી,તા.૧

આજે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ નવું રેક્ંિગ જાહેર કર્યું છે. જેમાં ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહે નવા વર્ષના પહેલા દિવસે જ ઈતિહાસ રચી દીધો છે. બુમરાહ હવ **ICC** ટેસ્ટ બોલિંગ રેક્ંિગમાં ટોચના સ્થાન પર પહોંચી ગયો છે. આ સિવાય તેના રેટિંગ પોઈન્ટ પણ વધીને ૯૦૭ થઈ ગયા છે. આ પોતાનામાં એક ઐતિહાસિક રેકોર્ડ છે. બુમરાહ આટલા રેટિંગ પોઈન્ટ મેળવનાર પહેલો ભારતીય બોલર બની ગયો છે. અશ્વિનને પાછળ છોડી બુમરાહ આગળ નીકળ્યો

તેણે પૂર્વ સ્પીનર રવિચંદ્રન અશ્વિનનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ પહેલા અશ્વિને ડિસેમ્બર ૨૦૧૬માં સૌથી વધુ ૯૦૪ રેટિંગ પોઈન્ટ હાંસલ કર્યા હતા. બુમરાહે ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કરતા તેને હવે **ICC** રેક્ંિગમાં ફાયદો થયો છે. આ સિવાય ૯૦૭ રેટિંગ પોઈન્ટ સાથે બુમરાહ ઓલ ટાઈમ લિસ્ટમાં ઈંગ્લેન્ડના સ્પીનર ડેરેક અંડરવુડ સાથે સંયુક્ત ૧૭માં સ્થાને પહોંચી ગયો છે. આ યાદીમાં ઈંગ્લેન્ડના ઝડપી બોલર સિડની બાર્ન્સ (૯૩૨) અને જ્યોર્જ લોહમેન (૯૩૧) ટોચ પર છે. જ્યારે ઈમરાન ખાન (૯૨૨) અને મુથૈયા મુરલીધરન (૯૨૦) ત્રીજા અને ચોથા સ્થાને છે.બુમરાહ અત્યાર સુધી સીરિઝમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેણે ૪ ટેસ્ટ મેચની ૮ ઈનિંગ્સમાં સૌથી વધુ ૩૦ વિકેટ ઝડપી હતી. જેમાં તેની સરેરાશ ૧૨.૮૩ રહી હતી. તેના પછી પેટ કમિન્સ બીજા સ્થાને છે જેણે ૨૦ વિકેટ લીધી હતી. બુમરાહને આ પ્રદર્શનનો મજબૂત ફાયદો મળ્યો છે. બુમરાહે સીરિઝની ત્રીજી ગાબા ટેસ્ટમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે પહેલી ઈનિંગમાં ૭૬ રન આપીને ૬ વિકેટ અને બીજી ઈનિંગમાં ૧૮ રનમાં ૩ વિકેટ લીધી હતી. બુમરાહે સીરિઝની પહેલી ટેસ્ટમાં ૮ અને બીજી ટેસ્ટમાં ૪ વિકેટ ઝડપી હતી.

અહીં તમને જણાવી દઈએ કે હાલ ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર છે. જ્યાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી હેઠળ બંને ટીમો વચ્ચે ૫ મેચની ટેસ્ટ સીરિઝ રમાઈ રહી છે. જેમાંથી ચોથી મેચ મેલબર્નમાં રમાઈ હતી. આ ચોથી મેચમાં ઓસ્ટ્રેલિયાનો ૧૮૪ રને વિજય થયો હતો. હાલ ઓસ્ટ્રેલિયન ટીમ સીરિઝમાં ૨-૧થી આગળ છે. હવે છેલ્લી ટેસ્ટ ૩ જાન્યુઆરીથી સિડનીમાં રમાશે.

### અસરકારક રીતે કાયદો લાગુ કરવાની માગ

# મંદિર-મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટ પહોંચ્યા ઓવૈસી, કરી મોટી માગ

## અરજીમાં ઓવૈસીએ દેશમાં પૂજા સ્થળ કાયદો લાગુ કરવાની માગ કરી છે ઓવૈસીએ વકીલ ફુઝૈલ અહમદ અય્યૂબીના માધ્યમથી ૧૭ ડિસેમ્બરે અરજી દાખલ કરી.

નવીદિલ્હી,તા.૧

ઓવૈસીએ પોતાની અરજીમાં કેન્દ્ર સરકારને કાયદાને અસરકારક અમલીકરણ નક્કી કરવાના આદેશની માગ કરી છે. ઓવૈસીના વકીલે હવાલો આપ્યો કે ઘણી કોર્ટોએ હિન્દુવાદીઓની અરજીઓ પર મસ્જિદોનું સર્વેક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો. મુસ્લિમ પક્ષની દલીલોમાં સાંપ્રદાયિક સૌહાર્દ અને મસ્જિદોની વર્તમાન સ્થિતિને જાળવી રાખવા માટે ૧૯૯૧ ના પૂજા સ્થળ કાયદાને લાગુ કરવાની માગ કરી છે.

હિંદુ પક્ષના દાવો છે કે આક્રમણકારીઓના હુમલાથી પહેલા આ સ્થળો પર મંદિર હતા. ઘણી અરજીઓમાં પૂજા સ્થળ કાયદાની બંધારણીય માન્યતાને પડકાર આપવામાં આવ્યો. તેના વિરુદ્ધ જ્ઞાનવાપી મસ્જિદ સંચાલન સમિતિએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.સમિતિએ મથુરામાં શાહી ઈદગાહ મસ્જિદ, દિલ્હીના કુતુબ મિનારની પાસે કુવ્વત-ઉલ-ઈસ્લામ મસ્જિદ, મધ્ય પ્રદેશમાં કમાલ મૌલા મસ્જિદ સહિત અન્ય દરગાહોથી જોડાયેલા દાવાનો ઉલ્લેખ કર્યો છે. સમિતિનું કહેવું છે કે કાયદાને પડકાર આપનારી અરજીઓ આ ધાર્મિક સ્થળો વિરુદ્ધ કેસને સુવિધાજનક બનાવવાના તોફાની ઈરાદાથી દાખલ કરવામાં આવી. ૧૨ ડિસેમ્બરે ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેન્ચે ઘણી અરજીઓ પર સુનાવણી કરી અને તમામ કોર્ટને નવા કેસ પર વિચાર કરવા અને ધાર્મિક સ્થળો ખાસ કરીને મસ્જિદો અને દરગાહો પર પુનઃ અધિકાર માટે પેન્ડિગ મામલામાં વચગાળાના કે અંતિમ આદેશ પાસ કરવા પર રોક લગાવી દીધી હતી. સુનાવણી દરમિયાન બેન્ચે કહ્યું હતું કે 'મામલો આ કોર્ટમાં વિચારાધીન છે. તેથી અમે એ સમજીએ છીએ કે કોઈ નવો કેસ નોંધવામાં આવે નહીં.' વિશેષ બેન્ચમાં જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ કેવી વિશ્વનાથન પણ સામેલ હતા. બેન્ચે છ અરજીઓ પર સુનાવણી કરી. જેમાં એક અરજી વકીલ અશ્વિની ઉપાધ્યાયે કરી છે. તેમણે પૂજા સ્થળ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૯૧ની વિભિન્ન જોગવાઈને પડકાર આપ્યો છે. તેમનો તર્ક છે કે 'કાયદાની જોગવાઈ કોઈ વ્યક્તિ કે ધાર્મિક જૂથના પૂજા સ્થળને પુનઃ પ્રાપ્ત કરવા માટે ન્યાયિક ઉપાયના અધિકારને છીનવી લે છે.'પૂજા સ્થળ (વિશેષ જોગવાઈ) એક્ટ, ૧૯૯૧ કોઈ પણ ધાર્મિક સ્થળના સ્વરૂપમાં પરિવર્તનથી રોકે છે. કાયદા હેઠળ કોઈ પણ પૂજા સ્થળ બિલકુલ તેવું જ રહેશે જેવું તે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭એ હતું.

### JEE-MAINની પરીક્ષાને કારણે કરાયો ફેરફાર

# ધો. ૧૨ સાયન્સની પ્રિલીમ પરીક્ષાની તારીખો બદલાઈ

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલીમ પરીક્ષા ૧૬ થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન લેવાશે

ગાંધીનગર,તા.૧

ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સની પ્રીલિમ પરીક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ પહેલાં ૨૦ થી ૨૮ જાન્યુઆરી દરમિયાન પ્રિલીમ પરીક્ષા યોજાવાની હતી. પરંતુ હવે આ તારીખમાં ફેરફાર કરી ૧૬ થી ૨૧ જાન્યુઆરી કરવામાં આવ્યો છે. કારણકે ૨૨ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન **JEE-MAIN**ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પ્રિલીમ/ દ્વિતીય પરીક્ષા અને **JEE-MAIN** ની પ્રથમ તબક્કાની પરીક્ષાઓની પરસ્પર તારીખ એકસરખી હોવાથી સંદર્ભ દર્શિત કારોબારી સમિતિના ઠરાવ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલીમ પરીક્ષા ૧૬ થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન લેવાશે. આ સિવાય, અન્ય ધોરણની પ્રિલીમ / દ્વિતીય પરીક્ષા બોર્ડના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં જણાવ્યા મુજબ ૨૦થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન યથાવત રહેશે.

મળતી માહિતી મુજબ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ અને અમદાવાદ શહેર આચાર્ય સંઘ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીને આ વિશે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં માંગ કરવામાં આવી હતી કે, **NTA** ની જાહેરાતમાં જણાવ્યા મુજબ, **JEE-MAIN**ની પરીક્ષાનું ૨૨ થી ૩૧ જાન્યુઆરીમાં આયોજન કરવામાં આવી હોવાથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રિલીમ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાની વિનંતી કરવામાં આવી હતી.

# મુસ્લિમો મને વોટ નથી આપતા, હું પણ તેમની સાથે નથી' વિપક્ષના નેતા શુભેંદુ અધિકારીનું મોટું નિવેદન

પશ્ચિમ બંગાળ,તા.૧

પશ્ચિમ બંગાળમાં વિપક્ષના નેતા અને બીજેપીના વરિષ્ઠ નેતા શુભેંદુ અધિકારી મંગળવારે સંદેશખલી પહોંચ્યા હતા. શુભેંદુ અધિકારીએ કહ્યું કે, દ્વઈઝ બંગાળમાં લાગુ થવી જોઈએ. તેમણે કહ્યું કે, તેઓ ક્યારેય મુસ્લિમોનો સાથ નહીં આપે કારણ કે મુસ્લિમો તેમને મત નથી આપતા. રાજયમાં એક કરોડથી વધુ રોહિંગ્યા છે. તેમને અહીંથી દૂર કરવા જોઈએ. જ્યારે પણ ભાજપ અહીં સત્તામાં આવશે, જે રીતે યુપીના સીએમ યોગી ત્યાં કરી રહ્યા છે, તે જ અહીં પણ થશે.મહત્ત્વપૂર્ણ છે કે, શુભેંદુ અધિકારીએ મંગળવારે એક રેલી યોજી હતી અને આરોપ લગાવ્યો હતો કે **TMC** સરકારે તેની પાર્ટીના નેતાઓના કથિત ગેરવર્તણૂકનો વિરોધ કરી રહેલી મહિલાઓ પર ખોટા આરોપો લગાવ્યા છે. જાહેર સભાને સંબોધતા, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અધિકારીએ બેનરજીને "તોફાની ઈરાદાઓ" ધરાવતા વ્યક્તિ તરીકે ગણાવ્યા. તેમણે વચન આપ્યું કે, જો ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સત્તામાં આવશે તો સ્થાનિક તૃણમૂલ નેતાઓ દ્વારા કથિત અત્યાચારની તપાસ માટે એક કમિશનની રચના કરવામાં આવશે.શુભેંદુ અધિકારીએ કહ્યું કે, મમતા બેનરજીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા સંદેશખલીમાં માતાઓ અને બહેનોની ધરપકડ કરવાનું કાવતરું ઘડ્યું હતું. તૃણમૂલના શાહજહાં શેખ જેવા સ્થાનિક મજબૂત નેતાઓ દ્વારા કરવામાં આવેલા દુષ્કૃત્યો સામે અવાજ ઉઠાવવા બદલ તેમની (માતાઓ અને બહેનો) વિરુદ્ધ ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા અને તેમની ધરપકડ કરવામાં આવી હતી. જો ભાજપ સત્તામાં આવશે તો તમારે (મમતા બેનર્જી) આવા જુલમને પ્રોત્સાહન આપવા બદલ કાર્યવાહીનો સામનો કરવો પડશે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૪ની શરૂઆતમાં, સંદેશખલીમાં સ્થાનિક ટીએમસી નેતાઓ દ્વારા કથિત જમીન પચાવી પાડવા અને મહિલાઓની જાતીય સતામણી અંગે ભારે વિરોધ પ્રદર્શન થયા હતા.

### ખેડૂતોને નવા વર્ષની ભેટ

# ખાતર પર સબસિડીની જાહેરાત, DAP બેગના દરમાં નહીં થાય વધારો

**આ નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા જતા ભાવને કારણે લેવામાં આવ્યો છે, જેથી વધતા ભાવની ખેડૂતો પર અસર ન થાય**

નવી દિલ્હી,તા.૧

વર્ષના પહેલા દિવસે કેન્દ્ર સરકારે કેબિનેટની બેઠકમાં ઘણા મહત્ત્વના નિર્ણયો લીધા છે. PM નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પ્રધાનમંત્રી પાક વીમા યોજના અને પુનઃરચિત હવામાન આધારિત પાક વીમા યોજનાને ૨૦૨૫-૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી, જેના માટે કુલ ૬૯૫૧૫.૭૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી.

કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે ખેડૂતોને ૫૦ કિલો DAPની થેલી ૧૩૫૦ રૂપિયામાં મળતી રહેશે. સરકારે DAP પર ૩૮૫૦ કરોડ રૂપિયાની વધારાની સબસિડી આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા જતા ભાવને કારણે લેવામાં આવ્યો છે, જેથી વધતા ભાવની ખેડૂતો પર અસર ન થાય.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે એક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે કેબિનેટે ૦૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળા માટે DAP પરના એક વખતના વિશેષ પેકેજને ખેડૂતોને પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી છે , કેબિનેટના નિર્ણયથી એ સુનિશ્ચિત થશે કે ખેડૂતોને ૫૦ કિલોની થેલી દીઠ રૂ. ૧,૩૫૦ના દરે DAP ખાતર મળતું રહેશે.

વૈષ્ણવે કહ્યું કે ૨૦૨૫ ની પ્રથમ કેબિનેટ બેઠક પ્રધાનમંત્રી દ્વારા ખેડૂતોને સમર્પિત કરવામાં આવી છે, આ પ્રથમ બેઠકમાં ખેડૂતો સાથે સંબંધિત વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી,

જેમાં વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા અને આજે લેવાયેલા નિર્ણયો સંપૂર્ણપણે ખેડૂતોના કલ્યાણ પર કેન્દ્રિત છે. ખેડૂતો.

પીએમ પાક વીમા યોજના અંગે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ઝડપી આકારણી, ઝડપી દાવાની પતાવટ, ઈનોવેશન અને ટેકનોલોજી માટે ૮૦૦ કરોડ રૂપિયાનું ફંડ બનાવવામાં આવ્યું છે. કવરેજ વધારવા અને નોંધણીને સરળ બનાવવા માટે, પીએમ નરેન્દ્ર મોદીએ પ્રક્રિયાને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાનો નિર્ણય કર્યો છે.

### UNSCમાં બે વર્ષ માટે થઈ એન્ટ્રી

# આતંકને પોષતું પાકિસ્તાન હવે વિશ્વભરને આપશે શાંતિનો સંદેશ

**યુનાઈટેડ નેશન સિક્યોરિટી કાઉન્સિલમાં અસ્થાયી સભ્ય તરીકે પાકિસ્તાનનો કાર્યકાળ શરૂ થઈ ચૂક્યો છે પાકિસ્તાન આગામી બે વર્ષ સુધી આ પદ પર કાર્યરત રહેશે**

નવીદિલ્હી,તા.૧

આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ સ્થાપિત અને જાળવી રાખવાની મુખ્ય જવાબદારી નિભાવતાં યુનાઈટેડ નેશન સિક્યોરિટી કાઉન્સિલમાં અસ્થાયી સભ્ય તરીકે પાકિસ્તાનનો કાર્યકાળ શરૂ થઈ ચૂક્યો છે. પાકિસ્તાન આગામી બે વર્ષ સુધી આ પદ પર કાર્યરત રહેશે. આતંકનો ઉદ્દભવ તથા આતંકને પોષતું પાકિસ્તાન આ સભ્ય પદ સાથે વિશ્વને શાંતિના પાઠ ભણાવશે.

પાકિસ્તાનના રાજદૂત મુનીર અકરમે જણાવ્યું કે, તેમની ટીમ વિશ્વ સમક્ષ ઉપસ્થિત મુખ્ય પડકારોના સક્રિય અને રચનાત્મક તરીકે ઉકેલ લાવવા ભૂમિકા ભજવશે. સુરક્ષા પરિષદમાં અમારી ઉપસ્થિતિનો અનુભવ વિશ્વને થશે.

UNSCની ૧૫ સભ્યોની રાઉન્ડ ટેબલ મીટિંગમાં પાકિસ્તાનની ૨૦૨૫-૨૬ના કાર્યકાળ માટે પસંદગી કરવામાં આવી છે. આઠમી વખત પાકિસ્તાને આ મહત્ત્વનું સ્થાન મેળવ્યું છે. અગાઉ ૨૦૧૨-૧૩, ૨૦૦૩-૦૪, ૧૯૯૩-૯૪, ૧૯૮૩-૮૪, ૧૯૭૬-૭૭, ૧૯૬૮-૬૯ અને ૧૯૫૨-૫૩માં પાકિસ્તાને યુએનએસસીમાં અસ્થાયી સભ્ય પદે સ્થાન લીધુ હતું. જૂન-૨૦૨૪માં પાકિસ્તાનને ભારે મત સાથે આ પદ માટે નિમણૂક થઈ હતી. યુએન મહાસભાના ૧૯૩ સભ્યોમાંથી ૧૮૩ મત પાકિસ્તાનને મળ્યા હતા. પાકિસ્તાનના રાજદૂતે આ મહત્ત્વની તક મુદ્દે જણાવ્યું હતું કે, અમને એવા સમયે સ્થાન મળ્યું છે, જ્યારે વિશ્વ જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ, અશાંતિ, મોટા અર્થતંત્રો વચ્ચે હરીફાઈ, યુરોપ, મધ્યપૂર્વ અને આફ્રિકા જેવા ક્ષેત્રોમાં યુદ્ધની સ્થિતિ સહિતના પડકારોનો સામનો કરી રહ્યું છે. વસ્તીની દ્રષ્ટિએ પાંચમા સ્થાને પાકિસ્તાન આ વિવાદો, પડકારો ઉકેલવા પ્રયાસો કરશે. તેમજ આતંકવાદ જેવી સમસ્યાઓના સમાધાન માટે સક્રિય અને રચનાત્મક ભૂમિકા ભજવશે.

પાકિસ્તાન એશિયન દેશોની બેઠકમાં જાપાનનું સ્થાન લીધું છે. જાપાનનો કાર્યકાળ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પૂર્ણ થયો છે. પાકિસ્તાનની સાથે ડેનમાર્ક, ગ્રીસ, પનામા, અને સોમાલિયા પણ જૂન, ૨૦૨૪ની મહાસભા ચૂંટણીમાં અસ્થાયી સભ્યો તરીકે ચૂંટાયા હતા. આ કાઉન્સિલમાં પાંચ સ્થાયી સભ્યો અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન, અને ફ્રાન્સ સામેલ છે.

### US કોર્ટમાં મોટી જીત

# ૨૬/૧૧ મુંબઈ હુમલાના માસ્ટરમાઇન્ડ તહવ્વુર રાણાને ભારત લાવવામાં આવશે

**તહવ્વુર રાણાને રાજદ્વારી પ્રક્રિયા દ્વારા ભારતને સોંપવાની તૈયારી ચાલી રહી છે**

નવી દિલ્હી,તા.૧

પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન તહવ્વુર રાણાને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવી શકે છે. તેને રાજદ્વારી પ્રક્રિયા દ્વારા ભારતને સોંપવાની તૈયારી ચાલી રહી છે. તે ૨૬/૧૧ના મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. ઓગસ્ટ ૨૦૨૪માં અમેરિકન કોર્ટે આ મામલે પોતાનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે તેને ભારત-અમેરિકા પ્રત્યાર્પણ સંધિ હેઠળ ભારત મોકલવાની મંજૂરી આપી હતી. હવે રાણાને ટૂંક સમયમાં ભારત લાવવાની તૈયારી તેજ થઈ ગઈ છે.

અમેરિકી કોર્ટે મુંબઈ હુમલામાં સંડોવાયેલા તહવ્વુર રાણાની ભારતને પ્રત્યાર્પણ ન કરવાની અરજી ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું કે, ભારતે રાણા વિરુદ્ધ પૂરતા પુરાવા રજૂ કર્યા છે. મુંબઈ પોલીસે ૨૬/૧૧ હુમલાના કેસમાં ચાર્જશીટમાં રાણાનું નામ સામેલ કર્યું હતું. તેના પર પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસ ઈન્ટેલિજન્સ અને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના સક્રિય સભ્ય હોવાનો આરોપ છે.ચાર્જશીટ મુજબ, તહવ્વુર રાણાએ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ડેવિડ કોલમેન હેડલીને મદદ કરી હતી, જેણે હુમલા માટે મુંબઈમાં ઠેકાણાઓની શોધખોળ હાથ ધરી હતી. કોર્ટે કહ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચે પ્રત્યાર્પણ સંધિમાં નોન બિસ આઈડમ છે. આ ત્યારે લાગુ કરવામાં આવે છે જ્યારે આરોપીને પહેલેથી જ તે ગુના માટે દોષી ઠેરવવામાં આવ્યો હોય અથવા નિર્દોષ છોડવામાં આવ્યો હોય. ભારતમાં રાણા વિરુદ્ધના આરોપો US કોર્ટમાં ચાર્જ કરાયેલા આરોપો કરતા અલગ છે, તેથી idem અપવાદમાં ગેર-BIS લાગુ પડતું નથી. ૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલાના લગભગ એક વર્ષ બાદ રાણાની શિકાગોમાં FBI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.તહવ્વુર રાણા અને તેના સહયોગી ડેવિડ કોલમેન હેડલીએ મળીને પાકિસ્તાની આતંકવાદીઓ માટે મુંબઈ હુમલાના ઠેકાણાઓને શોધી કાઢવા અને હુમલાને અંજામ આપવા માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરી હતી. રાણા હાલ લોસ એન્જલસ જેલમાં છે. અમેરિકામાં રાણાને તેની સામેના આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યો છે, પરંતુ ભારતની પ્રત્યાર્પણ અરજીને કારણે તેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો નથી.

### ૯મી જાન્યુ. રાષ્ટ્રીય શોક દિવસ જાહેર કરાયો

# સંપૂર્ણ રાજકીય સન્માન સાથે જીમી કાર્ટરની ૯મી જાન્યુ.એ વોશિંગ્ટનમાં અંતિમ ક્રિયા

**દિવંગત પ્રમુખ કાર્ટરને માનવ અધિકારો અને લોકશાહી મૂલ્યોના વિકાસ માટે ૨૦૦૨માં શાંતિનું નોબેલ પ્રાઇસ અપાયું હતું**

વોશિંગ્ટન, તા.૧

અમેરિકાના પૂર્વ પ્રમુખ જીમી કાર્ટરની અંતિમ ક્રિયા તા. ૯ જાન્યુઆરીએ પાટનગર વોશિંગ્ટનમાં યોજાશે. તે દિવસ રાષ્ટ્રીય શોક દિવસ જાહેર કરાયો છે. તે દિવસે અમેરિકાની અદાલતો બંધ રહેશે. સર્વોચ્ચ અદાલત પણ દિવંગત પ્રમુખનાં માનમાં બંધ રહેશે. સોમવારે સુપ્રીમ કોર્ટે જ આ જાહેરાત કરી હતી.આ પૂર્વે તા. ૪ જાન્યુઆરીએ કાર્ટરના નશ્વર દેહને તેઓનાં બાળપણનાં વતન જ્યોર્જીયાનાં પ્લેન્સ શહેર પાસેનાં ફેમિલી ફાર્મમાં રાખવામાં આવશે ત્યાં સૌ કોઈ અંતિમ દર્શન કરીને પછી તે નશ્વર દેહ જ્યોર્જીયા રાજ્યમાં વિધાનગૃહે લઈ જવાશે ત્યાંથી જાન્યુઆરી ૭મી સુધી એટલાન્ટા સ્થિત કાર્ટર પ્રેસિડેન્શ્યલ સેન્ટરમાં રાખવામાં આવશે તે પછી તે રાષ્ટ્રીય સંસદગૃહ ધી કેપિટોન લઈ જવાશે જ્યાં જનસામાન્ય તેઓનાં અંતિમ દર્શન કરી શકશે.૯મી જાન્યુઆરીએ આ રીતે ૨૧ ગન સેલ્યુટ સાથે પૂર્વ પ્રમુખ કાર્ટરની અંતિમ ક્રિયા પણ કરવામાં આવશે.કાર્ટરને પ્રમુખ બાયડેન તથા નવ-નિર્વાચિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભાવાંજલિઓ અર્પી હતી.દિવંગત પ્રમુખ કાર્ટરને માનવ અધિકારો અને લોકશાહી મૂલ્યોના વિકાસ માટે ૨૦૦૨માં શાંતિનું નોબેલ પ્રાઈસ અપાયું હતું.

### નવા વર્ષના પ્રથમ દિવસે LPG ગ્રાહકોને રાહત

# ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો

**છેલ્લી વખત ઘરેલું એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઘટાડો માર્ચ ૨૦૨૪માં હોળી પહેલા જોવા મળ્યો હતો,ઓઈલ કંપનીઓ મહિનાની પહેલી તારીખે ગેસ સિલિન્ડરના ભાવ અપડેટ કરે છે**

નવી દિલ્હી, તા.૧

નવા વર્ષના પહેલા દિવસે મોટી રાહતના સમાચાર આવ્યા છે. જુલાઈ પછી પહેલીવાર દેશમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો થયો છે. વાસ્તવમાં આ ઘટાડો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં જોવા મળ્યો છે. જેમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. 19 કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં 14.50 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.છેલ્લી વખત ઘરેલું એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઘટાડો માર્ચ 2024માં હોળી પહેલા જોવા મળ્યો હતો. દેશની ઓઈલ કંપનીઓ મહિનાની પહેલી તારીખે ગેસ સિલિન્ડરના ભાવ અપડેટ કરે છે. IOCLના ડેટા અનુસાર, ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દેશના ચાર મહાનગરોમાં રહેતા લોકોએ એ જ કિંમત ચૂકવવી પડશે જે છેલ્લે 9 માર્ચ, 2024ના રોજ અપડેટ કરવામાં આવી હતી. ત્યારબાદ તેલ કંપનીઓ દ્વારા ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં 100 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જે બાદ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમત દિલ્હીમાં 803 રૂપિયા, કોલકાતામાં 829 રૂપિયા, મુંબઈમાં 802.50 રૂપિયા અને ચેન્નાઈમાં 818.50 રૂપિયા થઈ ગઈ છે.બીજી તરફ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં લગભગ 6 મહિના બાદ ઘટાડો જોવા મળ્યો છે. દેશની રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં 14.5 રૂપિયાનો ઘટાડો થયો છે અને તે 1,804 રૂપિયા થઈ ગયો છે. કોલકાતામાં 16 રૂપિયાનો ઘટાડો થયો છે અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત 1,911 રૂપિયા થઈ ગઈ છે. મુંબઈમાં 15 રૂપિયાના ઘટાડા બાદ કિંમત 1,756 રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ચેન્નાઈમાં 14.5 રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત 1,966 રૂપિયા જોવા મળી રહી છે.આ પહેલા કોમર્શિયલ ગેસ સિલિન્ડર 5 મહિના એટલે કે જુલાઈથી લઈને ડિસેમ્બર સુધી સતત મોંઘું થઈ રહ્યું હતું. દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં 172.5 રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. જ્યારે કોલકાતા અને ચેન્નાઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં 171 રૂપિયાનો વધારો થયો હતો. જ્યારે મુંબઈમાં ભાવમાં સૌથી વધુ 173 રૂપિયાનો વધારો થયો હતો. નિષ્ણાતોનું માનીએ તો આગામી દિવસોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર અને ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો થઈ શકે છે.

### પૂર્વ વડાપ્રધાનના અવસાન પર રાજકારણ

# રાહુલ ગાંધી વિયેતનામના પ્રવાસે જતાં ભાજપના પ્રહારો

**આખો દેશ મનમોહન સિંઘના નિધનના શોકમાં અને રાહુલ નવું વર્ષ ઉજવવા વિયેતનામ ઉપડી ગયાઃ ભાજપ**

નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી હાલ વિયેતનામના પ્રવાસે પહોંચ્યા છે. હવે આ મામલે ભાજપે તેમના પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપે રાહુલ ગાંધી પર નિશાન તાકીને કહ્યું કે, "એક તરફ દેશ મનમોહન સિંઘના અવસાન પર શોક મનાવી રહ્યો છે. બીજી તરફ રાહુલ ગાંધી નવું વર્ષ મનાવવા માટે વિયેટનામ ઉપડી ગયા છે."આ પહેલાં, ભાજપે મનમોહન સિંઘના અસ્થિ વિસર્જનમાં કોંગ્રેસ અને ગાંધી પરિવારનો કોઈ સભ્ય નહીં પહોંચવા પર નિશાન તાક્યું હતું. જોકે, પાછળથી કોંગ્રેસે સ્પષ્ટતા કરી હતી કે આ પગલું મનમોહન સિંઘના પરિવારની પ્રાઈવસીને ધ્યાનમાં રાખીને ભરાયું હતું. ભાજપ આઈટી સેલના પ્રમુખ અમિત માલવીયે એક્સ પર એક પોસ્ટ કરીને લખ્યું કે, "આખો દેશ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘના અવસાન પર દુખમાં ડુબેલો છે. જ્યારે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી નવા વર્ષનું સ્વાગત કરવા માટે વિયતનામ જઈ રહ્યા છે." માલવીયે રાહુલ ગાંધી પર પૂર્વ વડાપ્રધાનના અવસાન પર રાજકારણ રમવું અને તેના પર ફાયદો ઉઠાવવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે ગાંધી પરિવાર અને કોંગ્રેસ શીખોને નફરત કરે છે. એ ન ભૂલો કે ઈન્દિરા ગાંધીએ દરબાર સાહિબનું અપમાન કર્યું હતું.

આ દરમિયાન કોંગ્રેસે પણ ભાજપના આક્ષેપોનો જવાબ આપ્યો છે. કોંગ્રેસે કહ્યું છે કે રાહુલ ગાંધીની વિદેશ યાત્રા એક અંગત યાત્રા છે અને કોઈને તેનાથી સમસ્યા હોવી જોઈએ. કોંગ્રેસ સાંસદ મણિકમ ટૈગોરે કહ્યું કે ભાજપ ક્યાં સુધી વિભાજનકારી રાજનીતિ કરશે. જે રીતે મોદીએ ડો.મનમોહનસિંહ સાહેબના અગ્નિ સંસ્કાર માટે યમુના કિનારે જગ્યા આપવાની ના પાડી દીધી અને જે રીતે મોદી સરકારના મંત્રીઓએ મનમોહનસિંહના પરિવારજનોને ઘેરી લીધા, એ ખૂબ શરમજનક છે. જો રાહુલ ગાંધી અંગત યાત્રા પર છે તો તમે(ભાજપ) કેમ પરેશાન છો ? આ સાથે કોંગ્રેસ સાંસદે ભાજપને સુધરી જવાની સલાહ પણ આપી છે.

# ૭૦.૧૭ લાખ ચલણની વસૂલી બાકી ટ્રાફિક પોલીસે છેલ્લા ૧૦ વર્ષમાં ૯૯.૮૧ લાખ ચલણ જનરેટ કર્યા

**અમદાવાદ ટ્રાફિક પોલીસની કામગીરી જોતા ટ્રાફિક નિયમોનો ભંગ જાણે કે સૌથી વધુ અમદાવાદ શહેરમાં થતો હોય તેવું લાગી રહ્યું છે**

અમદાવાદ, તા.૧

અમદાવાદ ટ્રાફિક પોલીસની કામગીરી જોતા ટ્રાફિક નિયમોનો ભંગ જાણે કે સૌથી વધુ અમદાવાદ શહેરમાં થતો હોય તેવું લાગી રહ્યું છે. અમદાવાદ ટ્રાફિક પોલીસે વર્ષ 2015થી સીસીટીવી, સ્પીડ ગન જેવી ટેકનોલોજી મારફતે નિયમો ભંગ કરનાર લોકોને ઈ-ચલણ આપવાની શરૂઆત કરી હતી. જેની આંકડાકીય માહિતી પ્રમાણે અમદાવાદ ટ્રાફિક પોલીસે વર્ષ 2015થી અત્યાર સુધીમાં કુલ 99.81 લાખ ચલણ જનરેટ કર્યા છે. એટલે કે પોલીસે 464 કરોડથી વધુનો દંડ વાહનમાલિકોને ફટકાર્યો છે. જો કે તેમાંથી માત્ર 29.63 લાખ ચલણની વસૂલાત ટ્રાફિક પોલીસ કરી શકી છે. જેની રકમ જોવા જઈએ તો માત્ર 111 કરોડનો દંડ વસૂલાયો છે. જ્યારે 70.17 લાખ ચલણની 352 કરોડની રકમ વસૂલાઈ નથી. શહેર પોલીસ અવાર નવાર આ મામલે ડ્રાઈવ યોજે છે પરંતુ હજુ સુધી તેની કોઈ અસરકારક કામગીરી ન દેખાતા હવે આ મામલે શું કાર્યવાહી કરવામાં આવે છે તે સવાલ છે. આ મામલે ટ્રાફિક વિભાગના અધિકારીઓએ દાવો કરતા જણાવ્યું છે કે પહેલા કરતા અસરકારક કામગીરી શરૂ કરાઈ છે. અગાઉ ઈ-ચલણનો રિકવરી રેટ 10 ટકા હતો. પરંતુ આ મામલે લોકઅદાલત અને પોલીસની ધોંસ વધતા રિકવરી રેટ વધીને 15 ટકા થયો છે. વર્ષ 2024માં 18.47 લાખ ઈ-ચલણ જનરેટ થયા હતા જેમાંથી 2.79 લાખ ચલણનો નિકાલ થયો છે. ઈ-ચલણના નિકાલ માટે લોકઅદાલત થકી કામગીરી પણ ચાલી રહી છે. શહેરમાં ગૃહ વિભાગ અને કોર્પોરેશનના પ્રોજેક્ટ અંતર્ગત કેમેરા લગાવવામાં આવ્યા છે. જેમાં CSITMS પ્રોજેક્ટના 254 કેમેરા લગાવવામાં આવ્યા છે. ખાનગી કંપનીએ વર્ક ઓર્ડર મેળવ્યા બાદ પણ હજુય પોલીસ અધિકારીઓને મુરખ બનાવવાનો પ્રયાસ કરીને અવનવા બહાના બતાવવામાં આવે છે. જેના કારણે શહેરના અનેક કેમેરા હજુય બંધ હાલતમાં છે. જેના કારણે કેટલાક પ્રકારના વાયોલેશનના ચલણ ઈસ્યુ થતા નથી. ઉલ્લેખનીય છે કે તેની સામે અન્ય ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોલીસ ચલણ જનરેટ કરે છે.

### ૨૦ કિ.મી.દૂર બે ઉપગ્રહો જોડાઇ જશે

# અંતરિક્ષમાં ૭-૧૦ જાન્યુઆરીએ અદભુત પ્રયોગ કરવામાં આવશે

**સ્પેડેક્સ મિશનની ટેકનોલોજીનો ઉપયોગ ભાવિ ચંદ્રયાન-૪ દ્વારા ચંદ્ર પરથી માટી,ખડકો લાવવાના પ્રોજેક્ટમાં થશે**

મુંબઇ, તા.૧

૨૦૨૪ની ૩૦, ડિસેમ્બરે, રાતના ૧૦:૦૦ વાગે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો)ના પોલાર સેટેલાઈટ લોન્ચ વેહિકલ—સી ૬૦(પીએસએલવી-સી૬૦) દ્વારા સ્પેસ ડોકિંગ એક્સપરિમેન્ટ(સ્પેડેક્સ) મિશનને સંપૂર્ણ સલામતી અને સફળતા સાથે તરતું મૂકવામાં આવ્યું છે. સ્પેસડેક્સ મિશન અમારા શ્રીહરિકોટાના સ્પેસ સેન્ટર પરનું ૯૯ મું સફળ મિશન છે. સ્પેડેક્સ મિશનમાં એસડીએક્સ૦૧—ચેઝર- અને એસડીએક્સ૦૨- ટાર્ગેટ—એમ બે સેટેલાઈટ્સ છે. બંને સેટલાઈટ્સનું વજન ૨૨૦-૨૨૦ કિલો છે. ૨૦૨૪નું વર્ષ વિદાય લઈ રહ્યું છે ત્યારે સ્પેડેક્સ મિશન અમારા માટે બહુ જ મહત્વનું બની રહેશ. ખાસ કરીને ૨૦૨૫ના નવા વર્ષના પહેલા જ સપ્તાહમાં જ ૭થી ૧૦, જાન્યુઆરી દરમિયાન અફાટ અંતરિક્ષમાં ૪૭૫ કિલોમીટરના અંતરે સ્પેડેક્સ મિશનના બંને સેટેલાઈટ્સનું ડોકિંગ(બંને સેટેલાઈટ્સ એકબીજા સાથે જોડાઈ જશે) થશે જે આપણા ભારત દેશ માટે અને ઈસરો માટે સોનેરી સફળતા બની રહેશે. આ મિશન ભારતનાં ભાવિ ચંદ્રયાન-૪, ગગનયાન, ભારતીય અંતરિક્ષ સ્ટેશન, સમાનવ ચંદ્રયાન વગેરે મિશન્સ માટે બહુ ઉપયોગી અને માર્ગદર્શકરૂપ બની રહેશે.ગઈકાલે ૩૦, ડિસેમ્બરે સ્પેડેક્સ સફળ રીતે લોન્ચ થયું ત્યારબાદ ઈસરોના મુખ્ય મથકમાં સાથી વિજ્ઞાનીઓ સાથે વાતચીત કરતાં ઈસરોના ચેરમેન શ્રીધર પન્નીકર સોમનાથે ખુશી વ્યક્ત કરતાં આવી માહિતી આપી હતી. એસ.સોમનાથે એવી માહિતી પણ આપી હતી કે રોકેટ બંને સેટેલાઈટ્સને લઈને ઉડ્યું તેની બરાબર ૧૫ મિનિટ બાદ બંને સેટેલાઈટ્સ પૃથ્વીની નીચેની ૪૭૫ કિલોમીટરની સર્ક્યુલર ઓર્બિટ(ગોળાકાર ભ્રમણકક્ષા)માં સલામતી સાથે પહોંચી ગયા છે. સ્પેડેક્સ મિશનના ડાયરેક્ટર એમ.જયકુમારે મહત્વની માહિતી આપતાં કહ્યું હતું કે બંને સેટેલાઈટ્સની સોલાર પેનલ્સ સફળતાપૂર્વક ખુલી ગઈ છે. એસડીએક્સ૦૧-ચેઝર- અને એસડીએક્સ૦૨ - ટાર્ગેટ-એમ બંને સેટેલાઈટ્સ એકબીજાંની આગળ પાછળ પ્રવાસ કરી રહ્યા છે. બંને સેટેલાઈટ્સ વચ્ચેનું અંતર તબક્કાવાર વધીને ૨૦ કિલોમીટરનું થઈ જશે. ત્યારબાદ બંને સેટેલાઈટ્સ એકબીજાની નજીક આવવાની પડકારરૂપ પ્રક્રિયા શરૂ થશે.

### જ્યોર્જિયાથી આ ખરાબ સમાચાર સામે આવ્યા

# નવા વર્ષ નિમિત્તે કોર્ટમાં જ ન્યાયાધીશની આત્મહત્યાથી ખળભળાટ મચી ગયો

**યેકેલે રાજ્યપાલને પત્ર લખીને પોતાના પદ પરથી રાજીનામું આપવાનો પ્રયાસ કર્યો હતો યેકેલે પત્રમાં જણાવ્યું હતું કે તેઓ ૩૦ ડિસેમ્બરથી રાજીનામું આપશે**

જ્યોર્જિયા,તા.૧

નવા વર્ષ નિમિત્તે કોર્ટમાં જ ન્યાયાધીશની આત્મહત્યાથી ખળભળાટ મચી ગયો છે. જ્યોર્જિયાથી આ ખરાબ સમાચાર સામે આવ્યા છે.જજ સ્ટીફન યેકલ, ૭૪, મંગળવારે તેમના સ્ટાફ દ્વારા મૃત મળી આવ્યા હતા. સવારે ૧૦ વાગ્યાની આસપાસ એફિંગહામ કાઉન્ટી સ્ટેટ કોર્ટહાઉસની અંદર મળી તપાસમાં જાણવા મળ્યું છે કે યેકેલે રાજ્યપાલને પત્ર લખીને પોતાના પદ પરથી રાજીનામું આપવાનો પ્રયાસ કર્યો હતો. યેકેલે પત્રમાં જણાવ્યું હતું કે તેઓ ૩૦ ડિસેમ્બરથી રાજીનામું આપશે. યેકેલ, મૃત મળી આવેલા ન્યાયાધીશની ૨૦૨૨ માં રાજ્યની અદાલતમાં નિમણૂક કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, તેમણે તાજેતરમાં જ તેમના પદ પરથી રાજીનામું આપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જ્યોર્જિયાના ગવર્નર બ્રાયન કેમ્પે ના પાડી દીધી હતી. મંગળવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ એફિંઘમ કાઉન્ટી સ્ટેટ કોર્ટહાઉસમાં તે મૃત હાલતમાં મળી આવ્યો હતો.

તપાસકર્તાઓનું માનવું છે કે તેનું મૃત્યુ સોમવારે મોડી રાત્રે અથવા મંગળવારે સવારે થયું હશે.એવું નોંધવામાં આવ્યું હતું કે જે દિવસે સ્ટીફન યેકલ મૃત હાલતમાં મળી આવ્યો હતો તે દિવસે કોર્ટમાં તેનો છેલ્લો દિવસ હતો. ફરી ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. શેરિફ જીમી મેકડફીએ યેકલના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે આ કોઈના માટે સારું નથી, પરિવાર નારાજ છે. વર્ષનો આ સમય આનંદનો સમય માનવામાં આવે છે અને હવે તેમને તે મળી ગયો છે. હું કલ્પના કરી શકતો નથી. જો તેમને અમારી પાસેથી કંઈપણની જરૂર હોય તો અમે ઉપલબ્ધ હોઈશું.પ્રાથમિક તપાસમાં આ માહિતી પણ સામે આવી રહી છે. સ્ટીફન યેકેલ પણ કોર્ટ કર્મચારી લિસા ક્રોફોર્ડ તરફથી મુકદ્દમાનો સામનો કરી રહ્યા હતા, જે દાવો કરે છે કે યેકેલે તેને ખોટી રીતે તેના પદ પરથી કાઢી મૂક્યો હતો. યેકેલ પર કર્મચારીને તેના પદ પરથી દૂર કરવાનો આરોપ હતો જેથી જ્યારે તે પદ સંભાળે ત્યારે તે પોતાના કર્મચારીઓને લાવી શકે.

### યોગ્ય સમયે દેશના દુશ્મનો સામે પગલાં લેવા જોઈએઃ સંરક્ષણ મંત્રી

# સુરક્ષાના મામલે ભારત બહુ ભાગ્યશાળી નથીઃ રાજનાથ સિંહ

**૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત અને આત્મનિર્ભર દેશ બનાવવા માટે સેનાની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે**

ભોપાલ, તા.૧

સુરક્ષા મોરચે ભારત બહું ભાગ્યશાળી દેશ નથી રહ્યો. આપણી સેના ઉત્તર અને પશ્ચિમી સરહદો પર સતત પડકારોનો સામનો કરી રહી છે. આપણે બેફિકર થઈને નિરાંત અનુભવી શકતા નથી. આપણા દુશ્મનો દેશની અંદર હોય કે બહાર, હંમેશા સક્રિય રહે છે તેમ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું. આ સંજોગોમાં આપણે તેમની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવી જોઈએ. તેમની વિરુદ્ધ યોગ્ય સમયે વધુ સારા અને અસરકારક પગલાં લેવા જોઈએ તેમ તેમણે ઉમેર્યું હતું. મધ્યપ્રદેશના ઈન્દોર જિલ્લામાં સેનાના જવાનોને સંબોધિત કરતાં તેમણે આ વાત કહી હતી. તેમણે સેનાના જવાનોને કહ્યું હતું કે આપણે આંતરિક મોરચે પણ પડકારોનો સામનો કરી રહ્યા છીએ. આવી અસુરક્ષાના માહોલમાં આપણે સહેજે ય બેદરકાર રહી શકીએ તેમ નથી. આપણા દુશ્મનો, પછી ભલે તે આંતરિક હોય કે બાહ્ય, હંમેશા સક્રિય રહે છે. આ સંજોગોમાં આપણે તેમના પર ચાંપતી કડક નજર રાખવી જોઈએ. રક્ષામંત્રીએ કહ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત અને આત્મનિર્ભર દેશ બનાવવા માટે સેનાની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે દેશના રક્ષામંત્રી તરીકે, હું તમને જણાવવા માંગુ છું કે આપણે હંમેશા સતર્ક રહેવાનું છે. જ્યારે હું અહીં આવ્યો અને તમે સૌ જે અનુશાસન અને સમર્પણ સાથે તાલીમ લઈ રહ્યા છો તે જોઈને હું ખૂબ જ પ્રભાવિત થયો છું.

# હરે રામા હરે કૃષ્ણા : સાવરકુંડલામાં વિદેશીઓ દ્વારા ધૂનની રમઝટ બોલી






સાવરકુંડલા ઈસ્કોન મંદિરનાં હરે રામ હરે ક્રિષ્ના સંપ્રદાયના વિદેશી સાધુઓ દ્વારા એકલિંગજી ઉપવન ખાતે પધાર્યા છે. ખાસ કરીને સાવરકુંડલામાં ભગવદ ગીતાજીના સંદેશનો શહેરના ભાવિકજનોના હદય સુધી પહોચાડવા માટે આ સાધુઓ પોતાની ધરતી છોડી આજે નવલગંગાના શહેર સાવરકુંડલા ખાતે પધારેલ છે. સાવરકુંડલા શહેરના માર્ગો પર ભકિત ફેરી સ્વરૂપે નાચતાં ગાતાં પોતાના સંગીત વાદ્યો સાથે ફરીને સાવરકુંડલાને કૃષ્ણમય બનાવશે. આ તમામ સાધુઓ વિવિધ દેશોમાંથી આવે છે. જેનું કલ્ચર અલગ રિવાજ અલગ ભાષા અલગ છતાં સાવરકુંડલાની ધરાને કૃષ્ણમય બનાવવા શહેરની ગલી ગલીએ ઘૂમી ભગવદ ગીતાજીના સંદેશ લોકો સુધી પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ કરશે. જો કે સાવરકુંડલા શહેર એક ધર્મપ્રેમી નગરી હોય અહીં રામ ક્રિષ્ણ અને શિવજીને માનતો બહોળો સમુદાય વસે છે.


## નામ બદલાવેલ છે

મારૂ નામ થડેશ્વર અમિતાબેન બીપીનચંદ્ર હતું જે બદલીને અમીતાબેન બીપીનભાઈ થડેશ્વર કરેલ છે.

હવેથી હું મારા નવા નામ અમીતાબેન બીપીનભાઈ થડેશ્વર તરીકે ઓળખાઈશ.

**સહિ : અમીતાબેન બીપીનભાઈ થડેશ્વર**
તાપડીયા આશ્રમ સામે, દયારામ પાર્ક, ભાવનગર રોડ, બાબરા, મુ. બાબરા, જિ.અમરેલી

## નામ બદલાવેલ છે

મારૂ નામ થડેશ્વર બીપીનચંદ્ર દલપતભાઈ હતું જે બદલીને બીપીનભાઈ દલપતભાઈ થડેશ્વર કરેલ છે.

હવેથી હું મારા નવા નામ બીપીનભાઈ દલપતભાઈ થડેશ્વર તરીકે ઓળખાઈશ.

**સહિ : બીપીનભાઈ દલપતભાઈ થડેશ્વર**
તાપડીયા આશ્રમ સામે, દયારામ પાર્ક, ભાવનગર રોડ, બાબરા, મુ. બાબરા, જિ.અમરેલી


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૧૦ | ૧૦૯૩ |
| ૨ | ગીરનારી શીંગ | ૮૫૦ | ૧૨૮૦ |
| ૩ | શિંગ મોટી | ૮૩૦ | ૧૧૯૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૧૫૫ |
| ૫ | તલ સફેદ | ૧૭૪૫ | ૨૫૪૫ |
| ૬ | તલ કાળા | ૩૪૫૫ | ૪૮૦૦ |
| ૭ | બાજરો | ૬૦૨ | ૬૧૦ |
| ૮ | જુવાર | ૫૨૬ | ૧૦૦૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૪૨ | ૬૬૯ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૪૧ | ૬૨૯ |
| ૧૧ | અડદ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૧૨ | ચણા | ૮૧૫ | ૧૩૨૦ |
| ૧૩ | તુવેર | ૧૨૧૫ | ૧૫૫૪ |
| ૧૪ | કપાસ | ૮૦૦ | ૧૪૭૯ |
| ૧૫ | એરંડા | ૧૧૫૦ | ૧૨૧૩ |
| ૧૬ | જીરૂ | ૨૯૦૦ | ૪૪૦૦ |
| ૧૭ | ધાણા | ૧૧૪૦ | ૧૪૨૫ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૧૯ | સોયાબીન | ૬૦૦ | ૮૩૪ |
| ૨૦ | મરચા લાંબા | ૪૧૦ | ૨૮૮૦ |


## :: જાહેર નોટિસ ::

આથી હું નીચે સહી કરનાર **શ્રી વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીનાં તે અમારા અસીલ **જીગ્નેશભાઈ કેશવલાલ વૈષ્ણવ,** રહે.અમરેલી, તા.અમરેલી, જિ.અમરેલી વાળાની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલો કે જેઓ અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે રહે છે. અને તેઓએ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે **સર્વે નં.૧૩, સીટી સર્વે નં.૨૮૦૫ પૈકી,** માં આવેલ **પ્લોટ નં.૧૪૮** પૈકીમાં આવેલ દુકાન ઉપરની ફર્સ્ટ ફલોરની ખુલ્લી અગાસી વાળી મિલ્કત ધરાવે છે તેનો ઉતરોતર રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૦૩૬, તા.૧૬/૦૮/૧૯૯૬ થી જે **કમલેશકુમાર રતિલાલ સંઘરાજકા એ મે.ગીરીરાજ લેન્ડ કોર્પોરેશન ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી મનોજકુમાર લક્ષ્મીદાસ સાદરાણી, શ્રી લક્ષ્મીદાસ વૃજલાલ સાદરાણી, શ્રી અશ્વિનકુમાર પ્રવિણચંદ્ર અઢીયા, શ્રી અતુલકુમાર ભગવાનદાસ દત્તા પાસેથી ખરીદ કરેલ તથા દસ્તાવેજ નં.૧૯૫૧, તા.૦૫/૦૮/૧૯૯૬ થી જે કમલેશકુમાર રતિલાલ સંઘરાજકાએ મે.ગીરીરાજ લેન્ડ કોર્પોરેશન ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી મનોજકુમાર લક્ષ્મીદાસ સાદરાણી, શ્રી લક્ષ્મીદાસ વૃજલાલ સાદરાણી, શ્રી અશ્વિનકુમાર પ્રવિણચંદ્ર અઢીયા, શ્રી અતુલકુમાર ભગવાનદાસ દત્તા** પાસેથી ખરીદ કરેલ તે બન્ને દસ્તાવેજોની અસલપ્રતો હાલ અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય, અને ઉત્તરોત્તર દસ્તાવેજો શોધખોળ કરવા છતા અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો જો કોઈના કબજા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવેજનો આધાર રાખી કોઈ ત્રાહિત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેનો ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો ઉપરોકત વિગતવાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ – હક્ક–હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ દિન–૭ માં નીચેનાં સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલ્કત સંપુર્ણ ટાઈટલ કલીયર કબજા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં મુદત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**વિમલ પી. પોપટ, એડવોકેટ**
સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ, અમરેલી – ૩૬૫૬૦૧
મો.નં.: ૯૪૨૮૭ ૯૩૪૨૦


પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં લેટરકાંડમાં મહિલા આરોપીની

પ્રમાણે ટાઈપ કરતી હતી. જેઓને કોઈને બદનામ કરવાનો ઈરાદો ન હતો પરંતુ પોતે પોતાના માલિકે કહ્યું તે પ્રમાણે ટાઈપ કરી આપ્યું છતાં પણ અમરેલી ભાજપનાં આગેવાનો ધ્વારા આ કુંવારી દીકરી છે તે જોયા વગર તેમને ખોટી રીતે ગુન્હેગાર બનાવી અને પોલીસે રાત્રે ૧૨ કલાકે આ દીકરીને ઘરેથી ધરપકડ કરીને અમરેલી શહેરનાં મુખ્ય રસ્તા પર સરઘસ કાઢીને આ રાજકીય આગેવાનોએ પોતાનો અહંમ સંતોષવા આવા કૃત્ય કરી રહ્યા છે. જયારે આજ અમરેલી જિલ્લામાં ઘણી બધી ગુનહાહિત ગેર કાયદેસર પ્રવૃત્તિઓ પકડાયેલા આરોપીઓને પોલીસે કયારેય પણ આ પ્રકારનું સરઘસ કાઢેલ નથી અને બંધારણીય જોગવાઈ અને કોર્ટના નિયમો મુજબ એક મહિલા ગુન્હેગાર હોય તો પણ તેમનું સરઘસ અને ફોટા પણ વાયરલ ન કરવા અને રાત્રિના સમયે તેની ધરપકડ ના કરવી તે બંધારણીય જોગવાઈ છે. તો આ બાબતે સાચી તપાસ કરી આ દીકરીના ન્યાય માટે સાથ સહકાર આપો અને આવી રીતે બિનઅધિકૃત રીતે સરઘસ કઢાવનાર અધિકારી સામે કડક તપાસ કરી પગલા ભરવા સરદાર પટેલ સેવાદળ–એસપીજી ગૃપની માંગણી છે. તો વહેલીતકે ન્યાયી તપાસ કરી દીકરી સ્વાભિમાનભેર નિર્દોષ જાહેર થાય. આ બાબતે વહેલામાં વહેલતકે પગલા ભરવા અંતમાં માંગ કરેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩, | ૧૪૪૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૦૫ | ૫૦૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૪૭૨ |
| ૨ | મગફળી | ૯૫૧ | ૧૧૧૨ |
| ૩ | ચણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૫ | સોયાબીન | ૬૫૨ | ૭૯૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૪ | ૧૦૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૫૬ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૬૫ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૪૦૦ |
| ૫ | કપાસ | ૧૩૧૦ | ૧૪૭૮ |
| ૬ | ઘઉં લોકવન | ૫૩૦ | ૬૪૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૭૨ |
| ૮ | બાજરો | ૫૨૦ | ૬૭૬ |
| ૯ | જુવાર | ૪૭૦ | ૭૯૩ |
| ૧૦ | મગ | – | ૧૪૪૦ |
| ૧૧ | અડદ | ૧૨૨૦ | ૧૪૫૦ |
| ૧૨ | ચણા | ૧૦૮૧ | ૧૨૦૭ |
| ૧૩ | ચણા સફેદ | – | ૧૬૦૦ |
| ૧૪ | તુવેર | ૧૨૬૦ | ૧૬૦૨ |
| ૧૫ | એરંડી | ૧૦૬૦ | ૧૨૦૩ |
| ૧૬ | સોયાબીન | ૭૩૦ | ૮૧૮ |


**બાબરા તાલુકાના ગામ ગળકોટડીના રેવન્યુ સર્વે નંબર ૪૪૨/પૈકી ૧ (જુનો સ.નં.૫૯/૩ પૈકી ૧/પૈકી ૨) ની જમીન હે.-૧, આરે.-૩૯, ચો.મી.-૫૮ વાળી ખેતીની જમીન ખરીદ કરવા અંગે**

## જાહેર નોટિસ

ગુજરાત રાજયના રજી. ડીસ્ટ્રીકટ અમરેલીના સબ– ડીસ્ટ્રીકટ બાબરાના ગામ ગળકોટડીના ખાતા નં.૮૪૨ જેના રેવન્યુ સર્વે નંબર ૪૪૨/પૈકી ૧ જેના જુના સ.નં.૫૯/૩ પૈકી ૧/પૈકી ૨ ની જુની શરતની જરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન હે.–૧, આરે.–૩૯, ચો.મી. ૫૮ વાળી જમીન **શ્રી જયેશ દામજીભાઈ અઘેરા**ની સ્વતંત્ર માલીકી, કબ્જા–ભોગવટાની આવેલ હોય તેનો વેચાણ, વ્યવહાર, વહીવટ વિગેરે કરવાનો તેઓને સંપૂર્ણ હક્ક, સત્તા અને અધિકાર હોય તે અધિકારની રૂએ સદરહું ખેતીની ખેડવાણ જમીન **શ્રી જયેશ દામજીભાઈ અઘેરા** રહે. રાજકોટ વાળા પાસેથી અમારા અસીલે સુથીની રકમ ચૂકવી ખરીદ કરવા નક્કી કરેલ છે.

સબબ ઉપરોકત વર્ણન વાળી મિલ્કત સંબંધે કે તેના વેચાણ સંબંધે કોઈપણ વ્યકિત, પેઢી, મંડળી કે, એસાઈનીઓ કે, વારસદારો વિગેરેનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હક્ક, ભરણ–પોષણનો હક્ક, હાલવા–ચાલવાનો હક્ક, લેણું, બોજો, ગીરો, લીયન, કે કોઈપણ જાતની જવાબદારી કે હક્ક, અધિકાર, કોઈનો દર–દાવો, કબ્જા હક્ક કે કોઈપણ અન્ય સાટાખત કે મુખત્યારનામાંના હક્કો, જો હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિવસ–૧૦(દસ) માં લેખીત આધાર – પુરાવા સાથે નીચેનાં સરનામે જાણ કરવી. મુદ્દત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ જાતના હક્ક, હિત, હિસ્સો, કે વાંધા–તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે. અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા કે તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા–વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળ : બાબરા, તા. ૦૨/૦૧/૨૦૨૫**

મુ.બાબરા, ઠે.ઓફીસ નં.૧૪, ગ્રાઉન્ડ ફલોર, નાગનાથ કોમ્પ્લેક્ષ, તા.બાબરા, જિ.અમરેલી પીન નં.–૩૬૫૪૨૧,
**મો.નં.૯૪૨૭૯ ૬૩૧૧૪**

**અમારા મારફત એડવોકેટ**
**જગદીશ બી. કારેટીયા**
**પારસકુમાર જે. કારેટીયા**
**(ગુજરાત હાઈકોર્ટ)**


પાના ૧ ઉપરનું ચાલું

## પિતાને આજીવન જેલની સજા

સમયે પોલીસમાં ભોગ બનનારની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીની એડી. સેશન્સ કોર્ટ તથા સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલોને માન્ય રાખી સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવે આ બનાવના આરોપી અને ભોગ બનનાર તરૂણીનાં સાવકા પિતા હરસુખ બાબુભાઈ ચીખલીયાને આઈપીસી કલમ–૩૬૩, ૩૬૬માં ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારનો દંડ તેમજ પોકસો એકટ કલમ–૪, ૮, ૧૮ તથા ૩૭૬માં આજીવન જેલની સખત સજા તથા રૂપિયા ૨૦ હજારનો દંડ તથા આઈપીસી કલમ–૩૨૩માં ૧ વર્ષની સજા તથા રૂપિયા ૧ હજારનો દંડ તથા આઈપીસી કલમ–૫૦૬(૨)માં ૫ વર્ષની સજા તથા રૂપિયા ૨ હજારનાં દંડની સજાનો હુકમ કરેલ છે તેમજ ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## આગેવાનોને આગળ આવવા હાંકલ

અહંમ સંતોષવા આવા કૃત્ય કરી રહ્યા છે અને જે લોકો ગેરપ્રવૃત્તિ કરી રહ્યા છે તેના પર પોલીસ કયારેય સરઘસ અને ફોટા પણ વાયરલ કરેલ નથી. જે લોકો તેના પર અને બંધારણની જોગવાઈ અને કોર્ટના નિયમ મુજબ એક મહિલા ગુનેગાર હોય તો પણ તેમનું સરઘસ કે ફોટો પણ વાયરલ ન કરવા અને રાત્રિના સમયે તેમની ધરપકડ ના કરવી તે બંધારણની જોગવાઈ છે. પણ આપના સમાજના આપ આગેવાનોએ આ બાબતે બહાર આવી આ દીકરી માટે સાથ સહકાર આપો અને આવી રીતે બિનઅધિકૃત રીતે સરઘસ કઢાવનાર અધિકારી સામે કડક તપાસ તથા પગલા ભરવા અને જિલ્લા અને તાલુકા મથકે આવેદનપત્ર આપી સરકાર પાસે માંગણી કરવા અને જયારે રાજકીય મનસ્વી પ્રવૃત્તિ કરે ત્યારે સમાજના મોભી આગેવાનોને ખરો રાહ દેખાડવાની જવાબદારી છે. જેથી આ બાબતે સ્ટેટમેન્ટ આપવા સમાજના એક દીકરા તરીકે અમો આશા રાખીએ છીએ. તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## પાટીદાર સમાજની નહી કોઈપણ સમાજની

બાબરા તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય અને સુરત સ્થિત કોંગ્રેસ અગ્રણી મધુભાઈ ચોવટિયાએ પણ ઉગ્ર રોષ વ્યકત કરી રાજય સરકાર અને જિલ્લાની પોલિસને વેધક સવાલ કરવામાં આવ્યા છે તેઓ જણાવ્યું હતું કે એક પત્ર વાયરલ કરવામાં આવડી મોટી સજા ? કોઈ દીકરીનું સરઘસ કાઢવામાં આવે શુ રાજય સરકારની મહિલાઓ બાબતે માનસિકતા છતી થતી હોય તેવું લાગે છે.

રાજયના એક જવાબદાર નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાનું મેન પણ સમાજ સહિત સો કોઈને અકળાવે છે તેમની બદનામી બાબતે અમે પણ નિંદા કરીએ છીએ પણ સમાજની કે કોઈપણ સમાજની દીકરીનું જે રીતે સ્વમાન ઘવાયું છે તે પરત કેવી રીતે આવશે.

રાજયના દરેક પટેલ સમાજના અગ્રણીઓ આ બાબતે રોષ વ્યકત કરી રહ્યા છે તે વ્યાજબી છે મધુભાઈ વધુમાં જણાવ્યું હતું કે વાયરલ પત્રની વધુ તપાસ થવી જોઈએ અને દીકરીને રાતે અટક કરવા અને સરઘસ કાઢવાનું કામ કોના ઈશારે કરવામાં આવ્યું હતું તે પણ રાજય સરકાર દ્વારા સ્પષ્ટ કરવું જોઈએ તેવું અંતમાં જણાવ્યું હતું.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૯ |
| ૨ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૧૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૪૪ | ૬૪૪ |
| ૪ | ગમગુવાર | ૬૫૦ | ૬૫૦ |
| ૫ | સોયાબીન | ૫૧૬ | ૭૭૫ |
| ૬ | મગફળી | ૬૯૨ | ૧૦૦૫ |
| ૭ | ચણા | ૧૦૫૫ | ૧૨૧૪ |
| ૮ | તલ સફેદ | ૧૫૫૦ | ૨૨૫૫ |
| ૯ | ધાણા | ૧૨૧૬ | ૧૫૫૦ |
| ૧૦ | ચોળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૦૪૫ | ૧૦૬૦ |
| ૧૩ | લસણ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૪ | જુવાર | ૭૦૦ | ૭૫૧ |
| ૧૫ | મકાઈ | ૫૦૧ | ૬૨૦ |
| ૧૬ | રાયડો | ૯૫૦ | ૯૫૦ |
| ૧૭ | તુવેર | ૧૧૧૦ | ૧૧૧૦ |


## જાહેર નોટિસ

**અમો યોગેશ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,**

**મોજે.– ઉજળા નવા ગામ, તાલુકો – બગસરા, જિલ્લો – અમરેલીના ખાતા નંબર–૧૧૪ ના જુના રેવન્યું સર્વે નંબર–૧૨૯/૧, હે.આરે.ચો.મી. ૦–૬૦–૭૦ તથા રે.સ.નં.૧૩૦/૧ ના હે.આર.ચો.મી. ૦–૬૬–૭૭ વાળી પિયત** ખેતીની જમીન **શ્રી સાંગાણી ગટાલાલ નાનજીભાઈ, રહે. ઉજળા નવા ના સ્વતંત્ર** નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૩૦/૧૨/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી.**
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસીલની સુચનાથી


પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં સોનીકામ કરતાં

પાસે, મુળદાસ સ્વામી મંદિરવાળી શેરીમાં દુકાન ધરાવતા ચિમનભાઈ ધનંજયભાઈ બેરા નામના ૩૮ વર્ષિય યુવકની દુકાને આશરે પાંચેક દિવસ પહેલા કોઈ અજાણ્યો ઈસમ આવેલ હતો અને તેમણે યુવકને વિસમાં લઈ બે મંગળસુત્રની સોનાની સર (દોરી) બનાવવાનું કહી મંગળસુત્રની સર (દોરી)બની ગયા બાદ સોનું આપવાની વાત કરેલ હતી. બાદ ગત તા. ૩૦ના સાંજના આશરે સાતેક વાગ્યે આ કામના અજાણ્યો આરોપી યુવકની દુકાને આવી યુવક પાસેથી સોનાની મંગળસુત્રની સર (દોરી) જોવા માંગી હતી સામે પીળી ધાતુ જેવી લગડી આપેલ હતી. જેથી યુવક આ પીળી ધાતુ જેવી લગડી સોનાની છે કે નહિ તે ચેક (ટચ) કરવા જતા અજાણ્યા આરોપીને યુવકે આપેલ સોનાની મંગળ સુત્રની સર (દોરી) જે ૧૬ (સોળ) ગ્રામની જેમા ૧૨ (ગ્રામ) સોનું તથા ૪ ગ્રામ મોતી જેની કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦ ની લઈ જઈ આ અજાણ્યા આરોપીએ યુવક સાથે વિસઘાત તથા છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે

જેઓ પોતાના માલિકના કહેવા પ્રમાણે ટાઈપ કરતી હતી જેઓને કોઈને બદનામ કરવાનો ઈરાદો ન હતો પોતે પોતાના માલિક કે કહ્યું તે પ્રમાણે ટાઈપ કરી આપ્યું પરંતુ અમરેલી ભાજપના આગેવાનો દ્વારા આ કુવારી દીકરી છે, તે જોયા વગર તેમને ગુન્હેગાર બનાવી અને પોલીસ રાત્રે ૧૨ કલાકે આ દીકરીને ઘરેથી ધરપકડ કરીને અમરેલી શહેરના મુખ્ય રસ્તા પર સરઘસના રૂપમાં કાઢીને આ ભાજપના પટેલા સમાજના જ આગેવાનો પોતાનો અહમ સંતોષવા આવા કૃત્ય કરી રહ્યા છે જયારે આજ અમરેલી જિલ્લામાં ગુનેગાર દારૂ, ખનીજ ચોરી, હત્યાઓ વગેરે ગેરપ્રવૃતિ કરી રહ્યા છે. તેના પર પોલીસ કયારેય સરઘસ કાઢેલ નથી અને બંધારણીય જોગવાઈ અને કોર્ટના નિયમો મુજબ એક મહિલા ગુન્હેગાર હોય તો પણ તેમનું સરઘસ અને ફોટા પણ વાઈરલ ન કરવા અને રાત્રીના સમયે તેની ધરપકડ ના કરવી તે બંધારણીય જોગવાઈ છે પણ આપના સમાજના આપ આગેવાનોએ આ બાબતે બહાર આવી દીકરી માટે સાથ સહકાર આપો અને આવી રીતે બિન અધિકૃત રીતે સરઘસ કઢાવનાર અધિકારી સામે કડક તપાસ પગલા ભરવા સહકાર અને માંગણી કરવા અને જયારે રાજકીય મનસ્વી પ્રકૃતિ કરે ત્યારે સમાજના મોભી અને આગેવાનો ખરો રાહ દેખાડવાની જવાબદારી છે જેથી આ બાબતે સ્ટેટમેન્ટ આપવા અંતમાં માંગ કરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૫ | ૧૫૦૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૭૯ | ૧૧૨૧ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૫ | ૧૦૬૫ |
| ૫ | અડદ | ૧૧૨૫ | ૧૪૪૫ |
| ૬ | તલ સફેદ | ૫૩૬ | ૬૦૪ |
| ૭ | જીરૂ | ૧૯૯૦ | ૨૨૦૦ |
| ૮ | સોયાબીન | ૪૦૦૬ | ૪૫૧૧ |
| ૯ | ચણા | ૭૭૫ | ૭૯૫ |
| ૧૦ | તલ કાળા | ૧૧૨૦ | ૧૩૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| ૩ | તલ પીળા | ૨૮૦૦ | ૩૧૫૦ |
| ૪ | કપાસ | ૧૩૫૦ | ૧૪૬૫ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૬૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૦૦ |
| ૭ | જુવાર | ૬૨૫ | ૮૪૧ |
| ૮ | મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| ૯ | મગ | ૧૮૮૧ | ૨૩૫૦ |
| ૧૦ | મઠ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૧ | અડદ | ૧૦૩૧ | ૧૦૩૧ |
| ૧૨ | તુવેર | ૧૫૧૪ | ૧૫૧૪ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૧૪ | સોયાબીન | ૭૨૧ | ૭૨૧ |


## જાહેર નોટિસ

**// મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

**અરજદારશ્રી :** શ્રી ખુશાલભાઈ હરીભાઈ દેવગાણીયા, રે.કથીરીયાપરા, સાવરકુંડલા રોડ, તા. જિ. અમરેલી — નં.મરણ નોંધણી/અરજી નં.૪૪/૨૦૨૪

**એડવોકટ – રમેશભાઈ બી. રાખસીયા મો. ૯૫૩૭૭ ૬૩૩૨૦**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, અરજણસુખ, તા.વડીયા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીના પુત્રીશ્રી આશાબેન ખુશાલભાઈ દેવગાણીયાનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૧ ના રોજ મુ. અરજણસુખ, તા.વડીયા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધારા – પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૬/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કો કરી આપ્યા.

સિક્કો

**મામલતદાર અને એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

### બાબરાનાં જાગૃત નાગરિકે પત્ર પાઠવ્યો

# સીમતળનાં માર્ગો ઉપર ખેડૂતોએ દબાણ કરતાં અવરજવરમાં પરેશાની

## નકશા મુજબ માર્ગો ખુલ્લા કરવા જરૂરી

બાબરા, તા. ૧

સીમ તળના રસ્તાઓ ખેડુતો દ્વારા દબાણ કરીને રસ્તા સાકડા કરી નાખેલ જણાય છે. આ રસ્તા લગત અને રસ્તાનો ઉપયોગ કરતા ખેડુતો વચ્ચે મારામારી જાનહાની સુધી પહોચી જાય છે. સિવિલ કોર્ટમાં, મામલતદાર કોર્ટમાં આવા વિવાદો પુષ્કળ ચાલે છે અને આવા જાહેર રસ્તા સમય મર્યાદામાં ખુલ્લા થતા નથી અને મોટા વિવાદ પેદા થાય છે. આ પ્રશ્નના નિકાલ માટે સરકારએ એક આયોજન બનાવી ટીપણની હદ મુજબ સીમતળના નકશા મુજબ રસ્તા ખુલ્લા કરવા એક ઝુંબેશ ચલાવવા બાબરાનાં બાબુભાઈ કારેટીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

# સાવરકુંડલા ખાતે દાંતનો નિદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા શહેરમાં અંબિકા સોસાયટી ખાતે આવેલ મમતા ઘરના સ્થાપક મંજુલાબેન દુધરેજીયાના માતૃશ્રી લીલાબેન ભોળારામ હરિયાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિતે આજરોજ તા. ૨૮.૧૨.૨૪ને શનિવારે સવારે સુંદરકાંડના પાઠ, બપોરે મહા પ્રસાદ તેમજ બપોર બાદ વિનામૂલ્યે દાંત નિદાન કેમ્પ યોજાયો. સાવરકુંડલા શહેરના અંબિકા સોસાયટીમાં આવેલ મમતા ઘર ખાતે કરવામાં આજરોજ વિવિધ કાર્યક્રમો યોજાયા. જે પૈકી સર્વ નિદાન કેમ્પ અંતર્ગત દાંતની તપાસ કેમ્પ યોજાયો. કેમ્પનું દીપ પ્રાગટ્ય મહામંડલેશ્વર જસુબાપુ હિપાવડલી, કબીર ટેકરી આશ્રમના મહંત નારાયણદાસ, ધનશ્યામબાપુ, કુંડલપુર હનુમાનજી મંદિરના મહંત પૂકરશનગીરી બાપુ સહિત સંતો મહંતોની ઉપસ્થિતિમાં દીપપ્રાગટય કરવામાં આવેલ. આ નિદાન કેમ્પમાં ડોક્ટર અભિજીતભાઈ જેબલીયાએ સેવા આપી હતી મમતા ઘરના મંજુલાબેન તુલસીદાસ દુધરેજીયા દ્વારા દર્દી નારાયણને અપીલ કરતાં બહોળી સંખ્યામાં દર્દીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આ સંસ્થાની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### મોડી રાત્રે 23 IPS અધિકારીઓના પ્રમોશનના ઓર્ડર જાહેર થયા

# ગુજરાતમાં નવા વર્ષની શરૂઆતમાં 23 IPS અને 26 IAS અધિકારીઓના પ્રમોશન

## નવા વર્ષની શરૂઆત સાથે ગુજરાતમાં રાજકીય અને પ્રશાસનિક વિભાગમાં મહત્વપૂર્ણ ફેરફારો થયા છે

ગાંધીનગર,તા.૧

નવા વર્ષની શરૂઆત સાથે ગુજરાતમાં રાજકીય અને પ્રશાસનિક વિભાગમાં મહત્વપૂર્ણ ફેરફારો થયા છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના મોડી રાત્રે ૨૩ IPS અધિકારીઓના પ્રમોશનના ઓર્ડર જાહેર થયા, ત્યારબાદ ૧ જાન્યુઆરી ૨૦૨૫ને વહેલી સવારે ૨૬ IAS અધિકારીઓના પ્રમોશનના ઓર્ડર આપવામાં આવ્યા. આમાં રાજકોટના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા અને કચ્છ-ભુજના કલેક્ટર અમિત અરોરાનું નામ મુખ્ય છે.

૨૦૧૨ની બેચના પ્રમોટ કરાયેલા IAS
AMCના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અમૃતેશ ઔરંગાબાદકર
કચ્છ-ભુજ કલેક્ટર અમિત અરોરા
ગીર સોમનાથ કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા
એડિશનલ રૂરલ ડેવલપમેન્ટ કમિશનર (કમિનરેટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ) વિશાલ ગુપ્તા
ભરૂચના કલેક્ટર ગૌરાંગ મકવાણા
રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા
નર્મદા કલેક્ટર સંજય કે.મોદી
સુરેન્દ્રનગર જિલ્લા વિકાસ અધિકારી રાજેશ એમ.તન્ના
જોઈન્ટ ચીફ ઈલેક્ટોરલ ઓફિસર એ.બી.પટેલ
સુરેન્દ્રનગર કલેક્ટર કે.સી. સંપટ
ગાંધીનગર કલેક્ટર એમ.કે.દવે
કૃષિ, કિસાન કલ્યાણ અને સહકાર વિભાગના જોઈન્ટ સેક્રેટરી પ્રવીણ કુમાર ડી.પૈસાના
વલસાડ કલેક્ટર નૈમેશ એન.દવે
તાપી-વ્યારાના જિલ્લા વિકાસ અધિકારી વી.એન.શાહ
કચ્છ-ભુજના જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિ
પોરબંદર કલેક્ટર મોરબી કલેક્ટર કિરણ ઝવેરી

આ ૨૬ IAS અધિકારીઓમાંથી ૯ ને સિનિયર તરીકે પ્રમોટ કરવામાં આવ્યા છે. ખાસ કરીને, અમિત અરોરાને તેમના પ્રમોશનમાં નોંધપાત્ર ગણવામાં આવે છે. અમિત અરોરા તે અધિકારી છે, જેમણે ૨૦૨૧માં રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં મોજ માણી હતી, જે બાદ હાઈકોર્ટે તેમને આ મામલે સખ્ત સજા આપતી નવી પરિસ્થિતિનો સામનો કરાવ્યો હતો. પ્રમોટેડ IAS અધિકારીઓમાં કચ્છ-ભુજના કલેક્ટર અમિત અરોરા, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, ગીર સોમનાથના કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, ભરૂચના કલેક્ટર ગૌરાંગ મકવાણા, અને વધુ અનેક અધિકારીઓ સામેલ છે.

સિનિયર તરીકે પ્રમોશન મેળવનારા ૯ IAS અધિકારી
બનાસકાંઠાના સુઈગામના આસિસ્ટન્ટ કલેક્ટર કાર્તિક જીવાણી
સુરેન્દ્રનગરના પાટડીના આસિસ્ટન્ટ કલેક્ટર જયંતસિંહ રાઠોર
પંચમહાલ-ગોધરના સહેરાના આસિસ્ટન્ટ કલેક્ટર પ્રણવ વિજય વર્ગીય
સુરેન્દ્રનગરના ચોટીલાના આસિસ્ટન્ટ કલેક્ટર કલ્પેશ કુમાર શર્મા
ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન પ્રમોશન કંપની લિ.ના જોઈન્ટ એમ.ડી. મિસ નિશા
ખેડાના આસિસ્ટન્ટ કલેક્ટર મિસ અંચુ વિલ્સન
કચ્છના અંજારના આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી સુનીલ
મહિસાગરના લુણાવાડાના પાટીલ આનંદ અશોક
અરવલ્લીના મોડાસાના આસિસ્ટન્ટ કલેક્ટર દેવેન્દ્ર પ્રકાશ મીણા

IPS વિભાગમાં, પોલીસ ભરતી બોર્ડના ડીજીપી નિરજા ગુટરૂ, ગૃહ વિભાગના સચિવ નિપુણા તોરવણે અને અન્ય અનેક અધિકારીઓને તેમના પદોમાં પ્રમોશન મળ્યું છે. આ સાથે, ૨૪૦ એએસઆઈને PSI પદે બઢતી આપવામાં આવી છે, જે દર્શાવે છે કે પોલીસ વિભાગમાં પણ કર્મચારીના ઉત્સાહ અને કાર્યક્ષમતા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વન વિભાગમાં, PCCF તરીકે ૧૯૯૦ બેચના IFS અધિકારી ડો. એ.પી.સિંહની નિયુક્તિ થઈ છે.

હાલનો હોદ્દો પ્રમોશન
નીરજા ગોટરુ, એડીજીપી, પોલીસ ભરતી બોર્ડ ડીજીપી, પોલીસ ભરતી બોર્ડ
નિપુણા તોરવણે, સચિવ, ગૃહ એડીજીપી, ગૃહ
હિતેશ જોયસર, એસપી, સુરત ગ્રામ્ય ડીઆઈજી, સુરત ગ્રામ્ય
તરુણ દુગ્ગલ, એસપી, મહેસાણા ડીઆઈજી, મહેસાણા
ચૈતન્ય માંડલિક, એસપી, CID ક્રાઈમ ડીઆઈજી, CID ક્રાઈમ
સરોજકુમારી, એસપી, પશ્ચિમ રેલવે ડીઆઈજી, પશ્ચિમ રેલવે
આર. વી. ચુડાસમા, કમાન્ડન્ટ, SRPF, ગ્રુપ-૯, વડોદરા ડીઆઈજી, SRPF, ગ્રુપ-૯, વડોદરા
આર. પી. બારોટ, ડીસીપી, ઝોન-૫, સુરત એડિ. કમિશનર, ઝોન-૫, સુરત
ડો. જી. એ. પંડ્યા, એસપી, સુરેન્દ્રનગર ડીઆઈજી, સુરેન્દ્રનગર
રાજન સુસરા, એસપી, મરિન ટાસ્ક ફોર્સ કમાન્ડર, હજીરા ડીઆઈજી, મરિન ટાસ્ક ફોર્સ કમાન્ડર, હજીરા
સુધા પાંડે, કમાન્ડન્ટ, SRPF, ગ્રુપ-૧૩, રાજકોટ ડીઆઈજી, SRPF, ગ્રુપ-૧૩, રાજકોટ
સુજાતા મજમુદાર, ડે. ડિરેક્ટર, સ્ટેટ પોલીસ એકેડેમી જોઈન્ટ ડિરેક્ટર, સ્ટેટ પોલીસ એકેડેમી

સિલેક્શન ગ્રેડ :
સુધીર દેસાઈ, એસપી, ઈન્ટેલિજન્સ, ગાંધીનગર
બલરામ મીણા, ડીસીપી ઝોન-૧, અમદાવાદ
ડો. કરણરાજ વાઘેલા, એસપી, વલસાડ
એસ. વી. પરમાર, ડીસીપી ઝોન-૧, રાજકોટ સિટી
એ. એમ. મુનિયા, કમાન્ડન્ટ, SRPF ગ્રુપ-૫, ગોધરા

જુનિયર એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડ :
ડો. રવીન્દ્ર પટેલ, કાર્યકારી નિયામક, પો. હા.
શેફાલી બરવાલ, SP, અરવલ્લી
પ્રેમસુખ ડેલુ, SP, જામનગર
પ્રવીણ કુમાર, SP, CBI, દિલ્હી
અમિત વસાવા, SP, CBI, મુંબઈ
બી. આર. પટેલ, કમાન્ડન્ટ, મેટ્રો સિક્યોરિટી

### ધનેશ્વર મંદીરની પ્રોપર્ટી મુદ્દે ત્યાં જ રહેતા બે સાધુઓ વચ્ચે વિખવાદ

# નર્મદાના માંગરોલમાં અખિલ ભારતીય સંત સમિતિના જિલ્લા મંત્રી પર હુમલો

## આ તમામની વચ્ચે એ તમામને પોલિસ મથકે લઈ જવાયા હતા અને કાયદેસરની કાર્યવાહી બાદ મુક્ત કરાયા હતા

રાજપીપળા,તા.૧

નર્મદા જિલ્લાના નર્મદા નદીના તટે નાંદોદ તાલુકાના માંગરોલ ગામ આવેલા પ્રખ્યાત ધનેશ્વર મહાદેવ મંદિરની પ્રોપર્ટી મુદ્દે ત્યાં જ રહેતા બે સાધુઓ વચ્ચે વિખવાદ પેદા થયો છે. પોતાને ધનેશ્વર મંદિરના મહંત તરીકે ગણાવતા મહંત જાનકીદાસ બાપુ અને મંદિરની નજીક રહેતા અખિલ ભારતીય સંત સમિતિના નર્મદા જિલ્લા મંત્રી સદાનંદ મહારાજ વચ્ચે વિખવાદ થતા આ મામલો પોલીસ મથકમાં પહોંચ્યો હતો.

પોતાને ધનેશ્વર મંદિરના મહંત તરીકે ગણાવતા મહંત જાનકીદાસ બાપુની પત્ની ભાગવતદાસે ૧૦૦ નંબર પર ફોન કરી ફરિયાદ કરી હતી કે સદાનંદ મહારાજ અને અન્ય લોકોએ એમના આશ્રમ પર રાત્રે પથ્થર મારો કરી અપશબ્દો બોલ્યા હતા.આ ફરિયાદને લઈને પોલીસ ત્યાં પહોંચી હતી, એ દરમિયાન મહંત જાનકીદાસ બાપુની પત્ની ભાગવતદાસ પોલીસ સાથે સદાનંદ મહારાજના આશ્રમ પર પહોંચ્યા હતા અને પોલીસની હાજરીમાં જ સ્વામી સદાનંદ મહારાજ પર હુમલો કર્યો હતો.જો કે આ તમામની વચ્ચે એ તમામને પોલિસ મથકે લઈ જવાયા હતા અને કાયદેસરની કાર્યવાહી બાદ મુક્ત કરાયા હતા.

આ બાબતે અખિલ ભારતીય સંત સમિતિના નર્મદા જિલ્લા મંત્રી સ્વામી સદાનંદ મહારાજે જણાવ્યું હતું કે આ લોકોએ અનેક વાર મારી પર હુમલો કર્યો છે, એ લોકો ધનેશ્વરની પ્રોપર્ટી હડપ કરવા માટે અનેક ષડયંત્રો કરી મંદિર અને ગામનો માહોલ બગાડી રહ્યા છે.જ્યારે મહંત જાનકી દાસ મહારાજે જણાવ્યું હતું કે હું અને મારી પત્ની શાંતિથી આશ્રમમાં રહી લોકોની સેવા કરીએ છીએ.આ મંદિરના પુર્વ મહંત રામપ્યારે દાસની પણ હત્યા કરવામાં આવી હતી એટલે મારી પણ હત્યા થશે એવો મને ડર છે.

# લીલીયા મોટા : પીજીવીસીએલ કચેરી ખાતે વય મર્યાદાથી નિવૃત થતા કર્મચારીનું વિદાય સન્માન



લીલીયા મોટા, તા. ૧

લીલીયા મોટા પીજીવીસીએલ કચેરી ખાતે ફરજ બજાવતા સુરેશભાઈ.સી.વ્યાસ પોતાની વય મર્યાદાથી નિવૃત થતા સુરેશભાઈ.સી.વ્યાસ ભવ્ય વિદાય સન્માન કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં અંદાજે છેલ્લા ૮ વર્ષથી સુરેશભાઈ સતત લીલીયામા પોતાની ફરજ બજાવતા હોય અને સ્ટાફ સાથે અને અધિકારી ગણ સાથે એક પરિવારના સભ્ય જેવું જેમને મન મળી ગયેલ હોય ત્યારે સુરેશભાઈનું ભવ્ય વિદાય સન્માન કાર્યક્રમ પીજીવીસીએલ કચેરી ખાતે યોજવામાં આવેલ જેમાં પીજીવીસીએલ અધિકારી ગણ કર્મચારી ગણ દ્વારા પુષ્પગુચ્છ તેમજ મોમેન્ટો આપી વિદાય સન્માન આપવામાં આવેલ આ તકે નિવૃત કર્મચારી સમાજ પરિવાર સાથે પોતાના નિવૃત સમય આનદથી પસાર કરે તેવી શુભકામના આપવામાં આવેલ સાથે સાથે છેલ્લા ઘણાવર્ષોથી સ્ટાફ સાથે એક પરિવાર જેવો નાતો થઈ જવાથી નિવૃત કર્મચારીને સ્મિત સાથે દુઃખ ભર્યા મને વિદાયમાન આપવામાં આવેલ આ તકે પીજીવીસીએલ સ્ટાફ સહિત ડેપ્યુટી એન્જિનિયર સી.કે.દેવમુરારી જુનિયર એન્જિનિયર એમ.ડી.રાઠોડ, જુનિયર એન્જિનિયર એન.બી.અજાણી, જુનિયર એન્જિનિયર કે.વી.દવે સહિત પીજીવીસીએલ સ્ટાફ સહ પરિવાર સાથે ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### જૂનાગઢમાં રાજકીય માહોલ ગરમ થયો

# ભૂતપૂર્વ ધારાસભ્ય ભુપત ભાયાણી અને હર્ષદ રીબડીયા વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થયુ

## રીબડીયા દ્વારા દાખલ કરવામાં આવેલી પિટિશનને લઈને બંને નેતાઓ આમને સામને આવ્યા છે

જુનાગઢ,તા.૧

જુનાગઢમાં હાલના રાજકીય તણાવ વચ્ચે, ભુપત ભાયાણી અને હર્ષદ રીબડીયાની વચ્ચેનું વિવાદ ભારે ચર્ચાસ્પદ બની ગયું છે. ૨૦૨૩ ફેબ્રુઆરીમાં હર્ષદ રીબડીયાએ ભાયાણી વિરુદ્ધ પિટિશન દાખલ કરી હતી, જેમાં પ્રસ્તાવ હતો કે ભાયાણી દ્વારા ચૂંટણી ફોર્મમાં પુત્રની બાઈકની વિગત છુપાવવામાં આવી હતી. હર્ષદ રીબડીયાનો આરોપ છે કે ૫૦,૦૦૦ રૂપિયાની બાઈક માટે, ભાયાણીએ ૨.૫ લાખ લોકોને બાનમાં લઈ લીધા છે. આ મામલે હર્ષદ રીબડીયાએ પિટિશન દાખલ કરી, પરંતુ ભુપત ભાયાણીનો જવાબ તે રીતે આવ્યો છે કે, ''વિગતો મેં છુપાવ્યું નથી, ફોર્મમાં બધી વિગતો હતી.''

હર્ષદ રીબડીયાના નિવેદન બાદ, ભાયાણીએ તેમના વિધાનમાં જણાવ્યું હતું કે, ''મનદુઃખ ન હોય તો પીટીશન પરત ખેંચવી જોઈએ,'' રીબડીયાએ ભાયાણી પર ચૂંટણી દરમિયાન પોતાના પુત્રની બાઈકની વિગત છુપાવવાનો આરોપ લગાવ્યો છે.

આ મામલે ભાયાણીએ જણાવ્યું કે, ''મને આ મામલે કોઈ મનદુઃખ નથી. જો રીબડીયાને પણ મનદુઃખ ન હોય તો તેમણે પિટિશન પરત ખેંચવી જોઈએ.'' ભાયાણીએ એમ પણ કહ્યું કે તેઓ પિટિશન પરત ખેંચવાની વિનંતી સાથે રીબડીયાને મળ્યા હતા.

ભાયાણી, જેમણે જૂના ચૂંટણી દરમિયાન હર્ષદ રીબડીયાને સામે લડાઈ કરી હતી, તે આ સમયે મતદારોના હિત માટે પણ પિટિશન પરત ખેંચવાની વાત કરી રહ્યા છે. તેમણે કહ્યું છે કે, ''વિસ્તારના મતદારો મુશ્કેલીમાં છે અને વિકાસના કામો અટકાઈ ગયા છે.'' પાર્ટીના આગેવાનોએ પણ પિટિશન પરત ખેંચવાની સૂચના આપી છે,

જે હવે આ વિવાદના સમાધાન માટે એક કવાયત તરીકે આગળ આવી રહી છે.

બંને નેતાઓ અગાઉ વિરોધી પક્ષોમાં હતા અને ચૂંટણીમાં આમને સામને આવી ચૂક્યા છે. હાલમાં આ વિવાદને કારણે વિસ્તારના મતદારો મુશ્કેલીમાં છે અને વિકાસના કામો અટકી પડ્યા છે. પાર્ટીના આગેવાનોએ પણ બંનેને પિટિશન પરત ખેંચવાની સલાહ આપી છે.

### ગયા મહિને ૪ વખત ભૂકંપ આવ્યો

# કચ્છમાં અનુભવાયા ભૂકંપના આંચકા, કોઈ જાન-માલનું નુકસાન થયું નથી

## કેન્દ્ર ભચાઉથી ૨૩ કિમી ઉત્તર-ઉત્તરપૂર્વ માં સ્થિત હતું

કચ્છ,તા.૧

ગુજરાતના કચ્છ જિલ્લામાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૩.૨ માપવામાં આવી હતી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ એ આ માહિતી આપી છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ એ જણાવ્યું હતુ કે બુધવારે સવારે ગુજરાતના કચ્છ જિલ્લામાં ૩.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.ગાંધીનગર સ્થિત ISR અનુસાર, ભૂકંપ સવારે ૧૦.૨૪ વાગ્યે નોંધાયો હતો, તેનું કેન્દ્ર ભચાઉથી ૨૩ કિમી ઉત્તર-ઉત્તરપૂર્વ માં સ્થિત હતું. જિલ્લા પ્રશાસને કહ્યું કે હાલ આ ઘટનામાં કોઈ જાનહાનિ કે જાન-માલને નુકસાન થવાના સમાચાર નથી.ગયા મહિને આ વિસ્તારમાં ૪ વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેની તીવ્રતા ૩થી વધુ હતી. જેમાં ત્રણ દિવસ પહેલા આવેલા ૩.૨ની તીવ્રતાના ભૂકંપનો સમાવેશ થાય છે, જેનું કેન્દ્રબિંદુ પણ ભચાઉ નજીક હતું.ગત વર્ષે ૧૮ નવેમ્બરે કચ્છમાં ૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.ISR ડેટા અનુસાર, અગાઉ ૧૫ નવેમ્બરે ઉત્તર ગુજરાતના પાટણમાં ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.હવે અમે તમને જણાવીએ કે ભૂકંપ શા માટે આવે છે, પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ છે, જે સતત ફરતી રહે છે. આ પ્લેટો જ્યાં ટકરાય છે તે ઝોનને ફોલ્ટ લાઈન કહેવામાં આવે છે. વારંવાર અથડામણને કારણે પ્લેટોના ખૂણા વળાંક આવે છે. જ્યારે ખૂબ દબાણ વધે છે, ત્યારે પ્લેટો તૂટવાનું શરૂ કરે છે. નીચેની ઉર્જા બહાર નીકળવાનો માર્ગ શોધે છે અને વિક્ષેપ પછી ભૂકંપ આવે છે.

# પીએસઆઈ અને કોન્સ્ટેબલની ભરતી માટેના કોલ લેટર જાહેર કરાયા

ગાંધીનગર,તા.૧

ગુજરાત પોલીસ વિભાગે PSI અને કોન્સ્ટેબલ (લોકરક્ષક) સહિત વિવિધ પદોની ભરતી માટેના કૉલ લેટર જાહેર કર્યા છે. કુલ ૧૨,૪૭૨ ખાલી જગ્યા માટે આ ભરતી યોજાઈ રહી છે. અરજદારો હવે ઓફિશિયલ વેબસાઈટ પરથી પોતાનું કૉલ લેટર ડાઉનલોડ કરી શકે છે. કૉલ લેટર ઉમેદવારો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે વિના પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ મળશે નહીં.ઉમેદવારોએ કૉલ લેટરમાં આપેલી તમામ વિગતો ધ્યાનપૂર્વક ચકાસવી જોઈએ. જો કોઈ ભૂલ હોય તો તે તાત્કાલિક ગુજરાત પોલીસ વિભાગને જાણવી જોઈએ.ગુજરાત પોલીસ દ્વારા યોજાતી આ ભરતીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે ઉમેદવારોને ફિઝિકલ ફિટનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. તે ઉપરાંત, શારીરિક કસોટી પૂરી થયા પછી લખિત પરીક્ષાની તૈયારી શરૂ કરી દેવી જોઈએ

# રાજુલા : સેન્ટ થોમસ કેજી સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા રેડ ડેની ઉજવણી



રાજુલા, તા. ૧

રાજુલાની સેન્ટ થોમસ કેજી સ્કુલનાં વિદ્યાર્થીઓ લાલ રંગમાં આવ્યા હતા. ડ્રેસ, સ્કૂલ, બેગ, પાણીની બોટલ, ટિફીન, હેન્ડબેન્ડ બધું જ લાલ રંગનું હતું. આજના આપણા લાલ કલર દિવસની ઉજવણીનું એક ખાસ મહત્વ હતું, કે બધા વિદ્યાર્થીઓ લાલ કલર વિશેની માહિતી મેળવે. આજના લાલ કલર દિવસએ ખાસ લાલ કલર માટેનો હતો. લાલ કરલએ બહુ જ સરસ અને સુંદર છે. લાલ કલરને શુભ પણ માનવામાં આવે છે. લાલ કલરની વસ્તુઓને બાળકો જાણે અને સમજે તે માટે અમારી શાળાએ નાનકડાઓ પ્રયાસ કરેલ છે, આજ આ દિવસની ઉજવણી બધા વિદ્યાર્થીઓ ખુબ આનંદથી કરી, જેમાં વાલીઓનો ખૂબ જ સારો સહકાર મળ્યો તે બદલ ખૂબ ખૂબ આભાર. આજના દિવસે વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉલ્લાસભેર ઉજવણી કરી, આજના વિદ્યાર્થીઓને ખુબ મજા પડી, શાળા આવા પ્રયત્ન હરહંમેશ કરતી રહેશે. શાળાના સ્ટાફે પણ ખૂબ મહેનત કરી હતી અને કેજીના પ્રિન્સિપાલ જીતુમેડમ અને પ્રિન્સિપાલ જતીન ફાધરે આભાર વ્યકત કર્યો હતો.

### આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે

# રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓનું એક્રેડિટેશન કરાયું

## વર્ષ ૨૦૦૯થી ચાલતા ગુણોત્સવમાં શિક્ષણમાં બદલાતા પ્રવાહોનો સમાવેશ કરી વર્ષ ૨૦૧૯થી ગુણોત્સવ ૨.૦ એટલે કે સ્કૂલ એક્રેડિટેશનનું નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે

અમદાવાદ,તા.૧

વિકસીત રાષ્ટ્રના નિર્માણના પાયામાં શિક્ષણ રહેલું છે. શિક્ષિત રાજ્ય થકી જ વિકસિત દેશની વિભાવના સાર્થક થશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી તેમજ ગુણોત્સવ જેવા શિક્ષણલક્ષી કાર્યક્રમો થકી શિક્ષિત રાજ્ય બનવાની નેમ શરૂ કરી હતી. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવા દિશા અને વિચારો સાથે આગળ ધપાવી રહ્યા છે.

વર્ષ ૨૦૦૯થી ચાલતા ગુણોત્સવમાં શિક્ષણમાં બદલાતા પ્રવાહોનો સમાવેશ કરી વર્ષ ૨૦૧૯થી ગુણોત્સવ ૨.૦ એટલે કે સ્કૂલ એક્રેડિટેશનનું નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓમાં એક્રેડિટેશન કરવામાં આવ્યું છે. જેના થકી શિક્ષણના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ માટે નિરંતર પ્રયત્નો કરી રહ્યા છે. રાજ્યમાં આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે જેમાં પ્રથમ અને બીજા સોપાનની કામગીરી ૩૦ ડિસેમ્બર ૨૦૨૪થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજાશે. જેમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને આવરી લેવાશે. સાથે જ આશ્રમશાળાઓમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવશે. ગુણોત્સવ ૨.૦ માટે પ્રાથમિક અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની માર્ગદર્શિકા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં કુલ ચાર ક્ષેત્રમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા હાથ ધરાશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ સ્કૂલ એક્રેડિટેશનના ત્રીજા સોપાનમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં હાજરી, સામયિક કસોટી, સત્રાંત કસોટી, પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા, બોર્ડની પરીક્ષા, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ પરીક્ષામુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા જેવી નવી બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે, ચોથા સોપાનમાં રાજ્યમાં સ્કૂલ એક્રેડિટેશન થયેલ શાળાઓ પૈકીની મહત્તમ ૩૩ ટકા સુધીની શાળાઓનું વેરિફાયર્સ (સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ) દ્વારા ક્રોસ વેરિફિકેશન બાદ શાળાઓના રિપોર્ટ કાર્ડ પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ઉપરાંત જિલ્લાના આચાર્યો, મુખ્ય શિક્ષકો તેમજ સી.આર.સી કોઓર્ડીનેટરને સ્કૂલ અક્રેડીટેશન ફ્રેમ વર્ક સંબંધે જરૂરી માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા શુભાશયથી DIKSHA Portal પર ઓનલાઈન કોર્સિસ પણ મુકવામાં આવ્યા છે, જે રાજ્યના તમામ શિક્ષકોને સમયસર અને ઝડપી માર્ગદર્શન આપવામાં મદદરૂપ સાબિત થશે.

અમરેલીની પ્રખ્યાત
ગોળ હોસ્પિટલ
માં ફુલ ટાઈમ
જનરલ સર્જન મળશે
ઓપીડી સમય : સવારે ૧૦:૦૦ થી ૨:૦૦
અને સાંજે ૫:૦૦ થી ૮:૦૦

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
- પેટના રોગો અને તેમના ઓપરેશન
- એપેન્ડીક્ષ, સારણગાંઠ, વધરાવળ મસા તથા ભખંદરના ઓપરેશન
- પિતાશયની પથરીના ઓપરેશન.
- સ્તનની ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશનના નિષ્ણાંત.

ડો.અક્ષય પારખીયા
M.S.(જનરલ સર્જન)
અનુભવ:
૩ વર્ષ સિવિલ હોસ્પિટલ અમદાવાદ
૧ વર્ષ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629
આયુષ્માન કાર્ડ અંતર્ગત ઓપરેશન તદ્દન મફત ઓપરેશન સુવિધા ઉપલબ્ધ

## વિપક્ષી નેતાઓ દ્વારા આક્ષેપો શરૂ થતાં સત્તા પક્ષનાં આગેવાનો બચાવમાં

# અમરેલીનાં લેટરકાંડમાં મહિલા આરોપીની ધરપકડનો મામલો ગરમાયો

**સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલાએ મહિલા આરોપીને જામીન મળે તે માટે પ્રયત્ન કરાયા હોવાનું જણાવ્યું**

**પોલીસ અધિક્ષક સંજય ખરાતે મહિલા આરોપી સામે નિયમાનુસાર કાર્યવાહી થઈ હોવાનું જણાવ્યું**

**સરકારનાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મહિલાનું જાહેરમાં સરઘસ કઢાયુ નથી તેમ કીધુ**

**પાટીદાર સમાજનાં અનેક આગેવાનો પણ લેટરકાંડનાં મહિલા આરોપીનાં બચાવમાં આવ્યા**

અમરેલી, તા. ૧

અમરેલીમાં પાંચેક દિવસ પહેલા નાયબ દંડક કૌશિક વેકરિયાને બદનામ કરતો બનાવટી પત્ર તાલુકા પંચાયતનાં પ્રમુખ કિશોર કાનપરીયાનાં નામે ભાજપનાં કાર્યકર્તા મનિષ વઘાસિયાએ બનાવીને વાયરલ કર્યાની ઘટના બાદ પોલીસે આ કેસમાં એક મહિલા સહિત ૪ આરોપીની ધરપકડ કર્યા બાદ મહિલાની ખોટી રીતે ધરપકડ થયાનું જાણીને હવે વિપક્ષી નેતાઓ અને પાટીદાર સમાજનાં આગેવાનો મેદાનમાં આવેલ છે.







બીજી તરફ સાવરકુંડલા વિસ્તારનાં ધારાસભ્ય મહેશ કસવાલાએ પાટીદાર સમાજની દીકરીનાં નામે રાજકારણ ન કરવા અને ભાજપનાં આગેવાનો પાટીદાર સમાજની દીકરીને જામીન મળે તે માટે પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું છે.

અમરેલીનાં પોલીસ અધિક્ષક સંજય ખરાતે પણ સમગ્ર કાર્યવાહી નિયમાનુસાર થઈ હોવાનું જણાવ્યું છે. અંતે સરકારનાં પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે મહિલા આરોપીનું સરઘસ કાઢવામાં નથી આવ્યું તેમ જણાવીને આ પ્રકરણને શાંત પાડવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

### અજાણ્યા યુવકે એક લાખનાં દાગીનાં પડાવ્યા

## અમરેલીમાં સોનીકામ કરતાં વેપારી યુવક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧

મુળ પશ્ચિમબંગાળના વતની અને હાલ અમરેલીના બટારવાડીમાં આવેલ મદીના કોલોની સામે ભાડાના મકાનમાં રહેતા અને અમરેલીના ટાવર

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal
થાબડી - ખજૂર યુક્ત
ગરમ દૂધ
શીતલ ગાર્ડન પાર્લર
અટલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.
સાંજે 7:00 થી 11:30

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્‌લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
68,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૧/૦૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

LG Life's Good.
Auto Tub Clean
Keep Dust, Bacteria & Lint away with LG's Auto Tub Clean
Better Hygiene
More Lint removal
Enhanced Durability
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના
લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ રવાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
સાવરકુંડલા :
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૭૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૭૨ ૧૦૭૨૭
બગસરા : સમીર ચિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : અરવિંદભાઈ દવે - ૯૯૦૪૫ ૨૪૨૬૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯
લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૩૧-૧૨-૨૦૨૫
લવાજમ ભરો
₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
amreli express
અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે
ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા – મો. નં. ૮૭૩૫૦ ૧૨૭૨૭
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)